RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 376 Dt. 21-07-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# યુક્રેનમાં જહાજ પર હુમલો, ૪ ભારતીયોનાં મોત

## ભારતે કહ્યું- વ્યાપારી જહાજોને નિશાન બનાવવું નિંદનીય; યુક્રેને કહ્યું- રશિયન મિસાઈલોથી હુમલો થયો



નવી દિલ્હી, તા.૨૦

યુક્રેનના ઓડેસા પોર્ટથી રવાના થયેલા કાર્ગો જહાજ 'ખટ ગોલ્ડન લિયો' પર રવિવારે થયેલા હુમલામાં ચાર ભારતીય નાગરિકોના મોત થયા છે. એક ભારતીય ગંભીર રીતે ઘાયલ છે અને હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. ભારત સરકારે સોમવારે તેની પુષ્ટિ કરતા હુમલાની સખત નિંદા કરી અને કહ્યું કે વેપારી જહાજો અને નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવું સંપૂર્ણપણે નિંદનીય છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતીય દૂતાવાસ સતત યુક્રેનિયન અધિકારીઓના સંપર્કમાં છે અને અસરગ્રસ્ત લોકોને શક્ય તમામ મદદ પૂરી પાડવામાં આવી રહી છે. બીજી તરફ, યુક્રેનિયન અધિકારીઓ અનુસાર, ગોલ્ડન લિયો જહાજ ઓડેસાથી મકાઈ લઈને રવાના થયું હતું. પોર્ટમાંથી નીકળ્યાના થોડા સમય પછી તેના પર ત્રણ રશિયન ક્રુઝ મિસાઈલોથી હુમલો કરવામાં આવ્યો. યુક્રેનની નૌકાદળે કહ્યું કે હુમલા પછી જહાજમાં આગ લાગી ગઈ. રોયટર્સ અનુસાર, સમુદ્રમાં જહાજમાંથી ગાઢ ધુમાડો નીકળતો જોવા મળ્યો, જેની બાદમાં ઓળખ થઈ.

વિદેશ મંત્રાલય (MEA) અનુસાર, ૧૯ જુલાઈની સાંજે આફ્રિકન દેશ ગિની-બિસાઉના ધ્વજવાળા આ જહાજ પર હુમલો થયો હતો. તે સમયે જહાજ પર કુલ ૧૭ ક્રૂ મેમ્બર હતા, જેમાં પાંચ ભારતીયોનો સમાવેશ થતો હતો. વિદેશ મંત્રાલયે મૃત્યુ પામેલા ભારતીયોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલ ભારતીય ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરી. મંત્રાલયે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે,ભારત આવા હુમલાઓની નિંદા કરે છે. વેપારી જહાજો અને નિર્દોષ નાગરિક ક્રૂને નિશાન બનાવવું અથવા દરિયાઈ વેપાર અને નેવિગેશનની સ્વતંત્રતામાં અવરોધ ઉભો કરવો નિંદનીય છે અને તેનાથી બચવું જોઈએ.

જ્યારે, યુક્રેનના દરિયાઈ બંદર સત્તામંડળ અનુસાર, ઘટના પછી આખી રાત સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. હુમલામાં નવ ક્રૂ મેમ્બર અને એક દરિયાઈ પાયલટનું મૃત્યુ થયું હતું, જ્યારે ૧૭ માંથી આઠ ક્રૂ મેમ્બરને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા.

આ હુમલો એવા સમયે થયો છે જ્યારે રશિયા અને યુક્રેન વચ્ચે બ્લેક સી અને સી ઓફ એઝોવમાં સૈન્ય ગતિવિધિઓ સતત વધી રહી છે. તેનાથી વેપારી જહાજો અને અનાજની નિકાસ પર ખતરો વધી ગયો છે. ૨૦૨૨માં રશિયાના યુક્રેન પર હુમલા પછી બ્લેક સી વિશ્વના સૌથી સંવેદનશીલ દરિયાઈ વિસ્તારોમાં સામેલ થઈ ગયો. કેટલાક આંતરરાષ્ટ્રીય કરારોથી અનાજની નિકાસ ફરી શરૂ થઈ હતી, પરંતુ તાજેતરના મહિનાઓમાં વધેલા હુમલાઓથી આ વ્યવસ્થા ફરી પ્રભાવિત થઈ છે. યુક્રેન સતત રશિયાના ઊર્જા માળખા અને તેલ ટેન્કરોને નિશાન બનાવી રહ્યું છે. જ્યારે રશિયાએ યુક્રેનના બંદરો, ઈંધણ સંગ્રહ કેન્દ્રો અને કાર્ગો જહાજો પર મિસાઈલ અને ડ્રોન હુમલા તેજ કર્યા છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે પણ દાવો કર્યો છે કે તેની સેનાએ ઓડેસા બંદર પર ઈંધણ સંગ્રહ કેન્દ્રો પર હુમલો કર્યો.

### વૈશ્વિક અનાજ વેપાર પર પણ અસર

યુક્રેન વિશ્વના કુલ ઘઉંના નિકાસનો લગભગ ૬% અને મકાઈના નિકાસનો લગભગ ૧૧% હિસ્સો આપે છે. પરંતુ સતત થઈ રહેલા મિસાઈલ અને ડ્રોન હુમલાઓને કારણે બ્લેક સી દ્વારા થતી યુક્રેનની અનાજ નિકાસ લગભગ એક તૃતીયાંશ જેટલી પ્રભાવિત થઈ છે. બીજી તરફ યુક્રેનિયન હુમલાઓની અસર રશિયાના અનાજ વેપાર પર પણ પડી છે. રોઈટર્સ અનુસાર, યુક્રેનના હુમલાઓને કારણે રશિયાને એઝોવ સમુદ્રના માર્ગે થતી જહાજોની અવરજવર મર્યાદિત કરવી પડી છે. આ જ માર્ગેથી રશિયાના લગભગ એક-ચતુર્થાંશ અનાજની નિકાસ થાય છે.

## સાઉદીને મોટો ઝટકો, ભારત પર પણ ખતરો

# હોર્મુઝ બાદ વધુ બે સમુદ્રી માર્ગ પર સંકટ

નવી દિલ્હી, તા.૨૦

ઈરાન સમર્થિત યમનના હૂતી બળવાખોરોએ સાઉદી અરેબિયા સામે દરિયાઈ નાકાબંધી જાહેર કરી છે. આ નિર્ણયથી લાલ સમુદ્ર અને અરબ સાગરના માર્ગે વેપાર કરતા ભારત સહિતના દેશો માટે સંકટ ઊભું થયું છે. સાઉદી સમર્થિત યમન સરકારે ઈરાનથી આવતી ફ્લાઈટ રોકવા સના એરપોર્ટ પર કાર્યવાહી કરતા હૂતીઓએ આ પગલું ભર્યું છે. આ નાકાબંધીથી ભારતમાં તેલ અને ગેસના પુરવઠા પર સીધી અસર પડી શકે છે.

યમનમાં સક્રિય ઈરાન સમર્થિત હૂતી બળવાખોરોએ સાઉદી અરેબિયા સામે દરિયાઈ નાકાબંધીની જાહેરાત કરી છે. આ નિર્ણયથી લાલ સમુદ્ર અને અરબ સાગરના માર્ગે વેપાર કરતા ભારત સહિતના દેશો માટે સંકટ ઊભું થયું છે. આ નાકાબંધીના કારણે ભારતમાં તેલ અને ગેસના પુરવઠા પર સીધી અસર પડી શકે છે.

હૂતી લશ્કરી પ્રવક્તા યાહ્યા સારીએ ટીવી મેસેજમાં જણાવ્યું કે, સાઉદી અરેબિયા સામે તત્કાલ અસરથી દરિયાઈ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, 'નાકાબંધીનો જવાબ નાકાબંધીથી આપવામાં આવશે.' સાઉદી સમર્થિત યમન સરકારે ઈરાનથી આવતી ફ્લાઈટ રોકવા સના એરપોર્ટ પર કાર્યવાહી કરી હતી. આ સિવાય યમનની પરિવહન વ્યવસ્થા પર પણ પ્રતિબંધો મુકાયા હતા. તેના જવાબમાં હૂતીઓએ સાઉદીના અબહા એરપોર્ટ પર મિસાઈલ હુમલા કર્યા બાદ હવે દરિયાઈ રસ્તાઓ રોકવાનું નક્કી કર્યું છે.

હૂતીઓએ અગાઉ ગાઝા યુદ્ધ દરમિયાન પણ લાલ સમુદ્ર અને અદનની ખાડીમાંથી પસાર થતા જહાજોને નિશાન બનાવ્યા હતા. જો હૂતીઓ આ વખતે સાઉદીના દરિયાઈ માર્ગોને નિશાન બનાવશે તો વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જશે. ખાસ કરીને તેલ નિકાસ માટે



અત્યંત મહત્વપૂર્ણ એવા સાઉદી અરેબિયાના 'યાન્બુ' બંદર પર મોટો ખતરો તોળાઈ રહ્યો છે.

પશ્ચિમ એશિયામાંથી આવતું ક્રૂડ ઓઈલ અને અન્ય જરૂરી સામાન દરિયાઈ માર્ગે ભારત પહોંચે છે. લાલ સમુદ્ર કે અરબ સાગરમાં અસ્થિરતા ઊભી થવાથી માલ-ઢુલાઈ અને શિપિંગ ખર્ચ વધી જશે. આ સ્થિતિને કારણે ભારતમાં તેલની કિંમતો વધવાની અને તેલ-ગેસના પુરવઠામાં વિલંબ થવાની શક્યતા વધી ગઈ છે.

### મિસાઈલ અને ડ્રોન હુમલાની ક્ષમતા

હૂતી બળવાખોરો પાસે સીમિત સંસાધનો હોવા છતાં મિસાઈલ અને ડ્રોન હુમલા કરવાની મોટી ક્ષમતા છે. તેઓ વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગોને પ્રભાવિત કરી શકે છે. હૂતીઓ આ પાબંધી કઈ રીતે અમલમાં મુકશે તે સ્પષ્ટ નથી, પરંતુ તેમની આ ધમકીથી ખાડી દેશો સહિત વૈશ્વિક અર્થતંત્ર સામે નવું આર્થિક સંકટ ઊભું થયું છે.

# જાહેર સ્થળોએ અશ્લીલ કન્ટેન્ટ જોવા પર રોક લગાવવાનો સુપ્રીમનો ઈનકાર

## આ નીતિ વિષયક બાબત હોવાથી તેના પર કેન્દ્ર સરકાર અને આઈટી મંત્રાલયે નિર્ણય લેવો જોઈએ

નવી દિલ્હી, તા.૨૦

જાહેર સ્થળોએ મોબાઈલ પર અશ્લીલ સામગ્રી જોવા પર રોક લગાવવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેંચે સ્પષ્ટ કર્યું છે કે આ મુદ્દો ચોક્કસપણે પ્રજા માટે મહત્વનો છે, પરંતુ તેમાં ન્યાયાલયના હસ્તક્ષેપ જેવો કાનૂની મુદ્દો નથી. આ નીતિ વિષયક બાબત હોવાથી તેના પર કેન્દ્ર સરકાર અને આઈટી મંત્રાલયે નિર્ણય લેવો જોઈએ.

અરજીમાં માંગ કરવામાં આવી હતી કે જાહેર સ્થળોએ અશ્લીલ કન્ટેન્ટ જોવા પર રોક લગાવવા રાષ્ટ્રીય સ્તરે એક નીતિ બનાવવામાં આવે. આ સિવાય સગીરોને આવી સાઈટોથી દૂર રાખવા માટે ડિજિટલ ચકાસણી અને ટેકનિકલ ફિલ્ટર લાગુ કરવાની માંગ કરાઈ હતી. અરજીકર્તાએ આઈટી એક્ટ ૨૦૦૦ની કલમ ૬૭, ૬૭અ અને ૬૭ઈનો હવાલો આપીને કહ્યું હતું કે ઈન્ટરનેટ પર સરળતાથી મળતી અશ્લીલ સામગ્રીના કારણે સામાજિક ગુનાઓ વધી શકે છે, તેથી તેના માટે અલગથી કાયદાકીય માળખું ઘડવું જરૂરી છે.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન સ્વીકાર્યું કે, ઈન્ટરનેટના વધતા ઉપયોગ વચ્ચે આ એક ગંભીર સામાજિક ચિંતા છે. આમ છતાં કોર્ટે કહ્યું કે, 'ન્યાયપાલિકાનું કામ નીતિ બનાવવાનું નથી પરંતુ કાયદાની બંધારણીય માન્યતા તપાસવાનું છે.' બેંચે વધુમાં જણાવ્યું કે, 'આ મામલામાં ટેકનિકલ ઉકેલ અને નિષ્ણાતોની સલાહ જરૂરી છે, તેથી આ વિષય પર નિર્ણય લેવાનો અધિકાર કાર્યપાલિકા પાસે છે.' કોર્ટે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (ખયશઢિં)નો ઉલ્લેખ કરીને સ્પષ્ટ કર્યું કે ડિજિટલ નિયંત્રણ માટે એ જ સક્ષમ મંત્રાલય છે.

ભારતમાં હાલમાં અશ્લીલ સામગ્રીના નિયંત્રણ માટે આઈટી એક્ટ ૨૦૦૦ની કલમ ૬૭, ૬૭અ અને ૬૭ઈ લાગુ છે. કલમ ૬૭ ઈલેક્ટ્રોનિક માધ્યમથી અશ્લીલ સામગ્રી બતાવવા પર સજા આપે છે, જ્યારે ૬૭અ જાતીય સામગ્રી દર્શાવવા પર કડક સજાની જોગવાઈ કરે છે. બાળકો સંબંધિત શોષણકારી કન્ટેન્ટ ડાઉનલોડ કે શેર કરવા બદલ કલમ ૬૭ઈ હેઠળ ગંભીર ગુનો નોંધાય છે. આ ઉપરાંત ઙ્ઘઈજ્ઞ અભ્ર્િ૨૦૧૨ પણ બાળકોને રક્ષણ પૂરું પાડે છે.

### સરકાર પોતે જ ડિજિટલ પ્લેટફોર્મ પર અંકુશ લાવવા તૈયાર

સુપ્રીમ કોર્ટનો આ આદેશ સ્પષ્ટ કરે છે કે, દરેક સામાજિક સમસ્યાનો ઉકેલ કોર્ટના આદેશથી શક્ય નથી. તાજેતરમાં દિલ્હી હાઈકોર્ટે પણ ડિજિટલ મીડિયા પર અંકુશ લાવવા સરકારી હસ્તક્ષેપની વાત કરી હતી. સરકાર પણ આવા ડિજિટલ પ્લેટફોર્મ પર લગામ કસવાની તૈયારી કરી રહી છે. તેથી જ્યાં ટેકનિકલ અને પ્રશાસનિક નીતિની જરૂર હોય ત્યાં કોર્ટ સીધો હસ્તક્ષેપ કરશે નહીં તેવો સંકેત આ ચુકાદાથી મળે છે.

## કોર્ટે આ મુદ્દાનું રાજકીયકરણ ન કરવાની કડક સલાહ આપી

# રામ મંદિર દાન ચોરી કેસમાં પુનઃ SIT રચો : SC

નવી દિલ્હી, તા.૨૦

અયોધ્યાના રામ મંદિરમાં દાનની ચોરીના કેસમાં સુપ્રીમ કોર્ટે SIT પુનર્ગઠનનો આદેશ આપ્યો છે. CJI સૂર્યકાંતની બેન્ચે સિનિયર IPS અધિકારીની આગેવાની હેઠળ નવી SIT બનાવવાની તાકીદ કરી. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ૮ આરોપીઓની ધરપકડ અને સક્રિય તપાસની જાણ કરી. કોર્ટે આ મુદ્દાનું રાજકીયકરણ ન કરવાની કડક સલાહ આપી. આગામી સુનાવણી ૨૭ જુલાઈએ થશે.

અયોધ્યા રામ મંદિરમાં દાનની ચોરીના ચકચારી કેસમાં સુપ્રીમ કોર્ટમાં એક મહત્ત્વની સુનાવણી હાથ ધરવામાં આવી છે. સોમવારે (૨૦ જુલાઈના રોજ) દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચ સમક્ષ આ મામલાની સુનાવણી થઈ હતી. દેશની સર્વોચ્ચ અદાલતે આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોઈ સિનિયર IPS અધિકારીની આગેવાની હેઠળ ગુનાની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ(SIT)નું પુનર્ગઠન કરવાનો મહત્ત્વનો આદેશ આપ્યો છે.બીજી તરફ, સરકાર પક્ષે હાજર રહેલા સોલિસિટર જનરલ(SG) તુષાર મહેતાએ કોર્ટને



માહિતી આપી હતી કે આ મામલે સ્ટેટસ રિપોર્ટ દાખલ કરી દેવામાં આવ્યો છે. તેમણે કોર્ટને વધુમાં જણાવ્યું કે આ કેસની તપાસ ખૂબ જ સક્રિયતાથી ચાલી રહી છે અને અત્યાર સુધીમાં કુલ ૮ આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી ચૂકી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલને સવાલ કર્યો હતો કે, 'હાલમાં આ કેસની તપાસ કોણ ચલાવી રહ્યું છે?' આ પ્રશ્નના જવાબમાં સોલિસિટર જનરલે જણાવ્યું કે, 'આ સમગ્ર ઘટના પાછળનું સત્ય બહાર લાવવા માટે પહેલા એક SITની રચના કરવામાં આવી હતી. હાલમાં પોલીસ તેની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. SITની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ એક કોગ્નિઝિબલ ઓફેન્સ(એવો ગંભીર ગુનો જેમાં પોલીસ વોરંટ વગર પણ આરોપીની ધરપકડ કરી શકે છે) છે.'

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે જણાવ્યું હતું કે, 'કોર્ટ આ કેસની તપાસના દરેક પાસા પર બારીકાઈથી નજર રાખી રહી છે અને આગામી ૩-૪ દિવસમાં આ મામલે ફરી સુનાવણી કરવામાં આવશે.' તેમણે સરકારને તપાસ માટે વરિષ્ઠ અધિકારીઓ સાથેની એક નવી અને સક્ષમ એસઆઈટી (SIT) બનાવવાની તાકીદ કરી હતી, જેના પર સોલિસિટર જનરલે સહમતી દર્શાવતા કહ્યું કે, 'સરકાર ટૂંક સમયમાં નવી ટીમ તૈયાર કરીને તેની વિગતો કોર્ટ સમક્ષ રજૂ કરશે.

આ સાથે જ ચીફ જસ્ટિસે કડક શબ્દોમાં મહત્ત્વની સલાહ આપતાં સ્પષ્ટ કર્યું હતું કે, 'આ સંવેદનશીલ મુદ્દા પર કોઈ પણ પ્રકારનું રાજકારણ રમાવવું જોઈએ નહીં, કારણ કે કોર્ટ રાજકીય અખાડો નથી. આ સીધેસીધો એક સામાન્ય ગુનાનો મામલો છે અને અદાલતનું એકમાત્ર લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું છે કે આ સમગ્ર કૌભાંડની તપાસ કોઈ પણ ભેદભાવ વિના બિલકુલ યોગ્ય અને કાયદેસર રીતે થાય.'

# પેપર લીકના ગુનેગારો આઝાદ- વિદ્યાર્થીઓ જેલમાં



લાઠીચાર્જ મામલે રાહુલ ગાંધીના PM પર પ્રહાર

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીમાં CJPના વિરોધ પ્રદર્શન વચ્ચે રાહુલ ગાંધીએ PM મોદીને સૌથી યુવા વિરોધી ઙ્ખ ગણાવ્યા. તેમણે કહ્યું કે, ૧૫૨ પેપર લીક થયા છતાં, શિક્ષણના પ્રશ્ન ઉઠાવનારા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરાયો. પ્રિયંકા ગાંધીએ પણ બાળકો પર લાઠીચાર્જને બદલે નીતિઓની સમીક્ષાની માંગ કરી. ઈઉંડનું પ્રતિનિધિમંડળ કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાને મળ્યું, પરંતુ આંદોલન ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે.

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારત દેશના ઈતિહાસના સૌથી યુવા વિરોધી PM ગણાવ્યા હતા, અને કહ્યું હતું કે, શિક્ષણના મુદ્દે સવાલ ઉઠાવનારા બાળકો પર લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત દેશના ઈતિહાસના સૌથી યુવા વિરોધી વડાપ્રધાન છે. તેઓ એટલા યુવા વિરોધી છે કે, એક નિષ્ફળ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પણ લઈ શકતા નથી. ૧૫૨ પેપર લીક થયા, ૭.૫ કરોડ વિદ્યાર્થીઓ પીડિત થયા, અને સજા એક પણ ગુનેગારને ન મળી! સજા કોને મળી? મહેનતુ યુવાનોને જ્યારે આ બાળકોએ શિક્ષણ અંગે ધારદાર પ્રશ્નો ઉઠાવ્યા ત્યારે જવાબમાં લાઠી અને અટકાયત મળી. પેપર લીક કરનારા અપરાધીઓ આઝાદ છે, અને વાજબી મુદ્દા ઉઠાવનારા વિદ્યાર્થીઓને ઢસડવામાં આવે છે, મારવામાં આવે છે. આ સરકાર માત્ર યુવાનોને નિષ્ફળ જ નથી બનાવી રહી, પરંતુ તેમના પર અત્યાચાર કરી રહી છે.'

પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, 'BJP સરકારે બાળકો પર લાઠીચાર્જ કરવાના બદલે પોતાની નીતિઓ અને અક્ષમતાની સમીક્ષા કરવી જોઈએ. પહેલા NEETનું પેપર લીક થયું, પરીક્ષા રદ થઈ, અને રી-નીટ (Re-NEET)માં પણ ગડબડના અહેવાલો આવ્યા છે. એવું કહેવામાં આવ્યું હતું કે, વડાપ્રધાન પોતે દેખરેખ રાખશે, તો પછી આ બધું કેમ અને કેવી રીતે થઈ રહ્યું છે? વારંવાર આટલા પેપર લીક કેમ થઈ રહ્યા છે? સંસદમાં આ મુદ્દે વિગતવાર ચર્ચા થવી જોઈએ, અને વડાપ્રધાને દેશના કરોડો યુવાનોની વાત સાંભળીને તેમને જવાબ આપવો જોઈએ.'

જંતર-મંતર પર CJPના પ્રદર્શન વચ્ચે એડિશનલ પોલીસ કમિશનર અને PRO રાજીવ રંજને પ્રદર્શનકારીઓને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસને સહયોગ આપવા અપીલ કરી છે. તેમણે એક વીડિયો મેસેજમાં જણાવ્યું કે, 'તમામ પ્રદર્શનકારીઓને વિનંતી છે કે, તેઓ શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરે. કોઈ પણ ગેરકાયદેસર કે, હિંસક પ્રવૃત્તિમાં સામેલ ન થાય, અને ફરજ પર તૈનાત પોલીસકર્મીઓ દ્વારા આપવામાં આવતી કાયદાકીય સૂચનાઓનું પાલન કરે.'

CJPના એક પ્રતિનિધિમંડળે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી નડ્ડા સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ CJP તરફથી કહેવામાં આવ્યું કે, તેમની માંગણીઓ અંગે કોઈ યોગ્ય આશ્વાસન મળ્યું નથી, અને જ્યાં સુધી એવું નહીં થાય, ત્યાં સુધી આંદોલન સમાપ્ત થશે નહીં. બીજી તરફ, જે.પી નડ્ડાએ આ મુલાકાતની તસવીર શેર કરતા જણાવ્યું હતું કે, પહેલીવાર પ્રદર્શનકારીઓ તરફથી સરકાર સાથે વાતચીતનો પ્રસ્તાવ આવ્યો હતો, અને સવારે ૧૧:૫૦ થી જ તેમની વાતચીત ચાલી રહી છે.

# TAT : ૧૧ હજાર વિદ્યાસહાયકોની ભરતી પ્રકિયા આગળ વધારવા મંજુરી માંગતી સરકાર


## સરકારની હાઈકોર્ટમાં તૈયારી : કોર્ટનો અંતિમ નિર્ણય બાદ કરાશે કાર્યવાહી

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યભરમાં મંજૂર થયેલી ૧૧ હજાર વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા અંતર્ગત ટાટ (ઝઅઝ) પરીક્ષામાં ૧૮ ગુણના ખોટા પ્રશ્નોના વિવાદ મુદ્દે હાઈકોર્ટમાં સેંકડો ઉમેદવારો દ્વારા અરજીઓ કરવામાં આવી છે. આ કેસની સુનાવણી દરમિયાન સરકારે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ મહત્વની રજૂઆત કરતા જણાવ્યું હતું કે, કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોર્ટમાં અરજી કરનાર અરજદારો માટે ૫૦૦ બેઠકો ખાલી રાખીને બાકીની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાની મંજૂરી આપવામાં આવે. કેસના ગુણદોષના આધારે કોર્ટ જે અંતિમ નિર્ણય કરે ત્યારબાદ બાકી રહેલી જગ્યાઓ પર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

બીજી તરફ, અરજદારોએ સરકારની આ રજૂઆતનો વિરોધ કરતા દલીલ કરી હતી કે માત્ર અમુક બેઠકો ખાલી રાખવાથી તેમની સમસ્યાનો યોગ્ય ઉકેલ આવતો નથી, કારણ કે તેના કારણે તેમને તેમની પસંદગીની જગ્યા પર નોકરી મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. આ મામલે સુનાવણી હાથ ધરતા હાઈકોર્ટે ટકોર કરી હતી કે કુલ ખાલી જગ્યાઓમાંથી ૫૦૦ જગ્યાઓ સુરક્ષિત રાખીને સરકારને ૧૦,૫૦૦ જગ્યાઓ ભરવા દેવામાં આવે અને આ થોડા ઉમેદવારો માટે થઈને સમગ્ર રાજ્યની ભરતી પ્રક્રિયા અટકાવવી યોગ્ય નથી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે ગુણદોષના આધારે કેસનો જે પણ આખરી નિકાલ આવશે તે તમામ પક્ષોને બંધનકર્તા રહેશે અને સરકાર પણ અરજદારો માટે જગ્યાઓ ખાલી રાખવા તૈયાર છે.

અરજદારો દ્વારા કરવામાં આવેલી અરજીમાં પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ બહાર પાડીને હાલ પૂરતી નિમણૂકો ન આપવા માટે દાદ માંગવામાં આવી છે તેમજ પરીક્ષાના ૧ થી ૧૮ પ્રશ્નો ખોટા હોવાનું જણાવી તેના ગુણ (માર્ક્સ)




ઉમેરવાની માંગ કરવામાં આવી છે. જેના જવાબમાં સરકારે રજૂઆત કરી હતી કે સવાલો ખરેખર ખોટા છે કે કેમ તે બાબત અદાલત દ્વારા નક્કી થાય તે પછી જ ગુણ આપી શકાય, અને જો આ પ્રકારે રાહત આપવામાં આવશે તો અન્ય હજારો ઉમેદવારો પણ કોર્ટમાં આવશે.

### મેરિટ લિસ્ટ પ્રમાણે જ નિમણૂક આપવા માંગ

આ મામલે અરજદારોના વકીલો અને પક્ષકારોએ રજૂઆત કરી હતી કે જો ૧૧ હજાર શાળાઓ હોય અને ૧૧ હજાર શિક્ષકોની જ ભરતી કરવાની હોય, તો તે મેરિટ લિસ્ટના આધારે જ યોગ્ય ક્રમમાં થવી જોઈએ. આ બાબતને વધુ સ્પષ્ટ કરવા માટે ઉમેદવારો દ્વારા એક વિશેષ ચાર્ટ પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે બંને *M7Kની દલીલો સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી આગામી બુધવાર સુધી મુલતવી રાખી છે.

# ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના ૬૩ શંકાસ્પદ કેસ

## ૧૨ પોઝિટિવઃ આરોગ્ય મંત્રીએ યોજી સમીક્ષા બેઠક


ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના વધતા જતા કેસોને ધ્યાને રાખીને રાજ્યના આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં એક મહત્વની ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલા કેસોની ભૌગોલિક સ્થિતિ, વાયરસના ફેલાવાના કારણો, લેબોરેટરી ટેસ્ટિંગની કામગીરી અને વહીવટી તંત્ર દ્વારા લેવાયેલાં પગલાંઓની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. સરકારે ૬૩ શંકાસ્પદ કેસ અને પોઝિટિવ દર્દીઓની માહિતી આપી છે, પરંતુ શંકાસ્પદ વાયરસથી કેટલાના મોત થયા છે તે અંગે હાલ કોઈ ચોખવટ કરવામાં આવી નથી.

રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ ૬૩ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૫૫ સેમ્પલના ટેસ્ટિંગ રિપોર્ટ આવી ગયા છે અને ૧૨ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે બાકીના ૮ સેમ્પલનું પરિણામ હજુ આવવાનું બાકી છે. આ ૧૨ પોઝિટિવ કેસમાંથી ૯ કેસ ગુજરાતના અને ૩ કેસ રાજસ્થાનના દર્દીઓના છે. ગુજરાતમાં નોંધાયેલા પોઝિટિવ કેસોમાં પંચમહાલ અને ખેડામાં ૨-૨ કેસ, તથા સાબરકાંઠા, મહેસાણા, ભરૂચ, ભાવનગર અને અમદાવાદ મનપામાં ૧-૧ કેસ નોંધાયા છે.

આરોગ્ય વિભાગના અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે જ્યાં પણ કેસ નોંધાયા છે તે વિસ્તારોમાં સઘન દેખરેખ રાખવામાં આવે અને વાયરસના સંક્રમણનો સ્ત્રોત સમજવા માટે દર્દીઓની ટ્રાવેલ અને કેસ હિસ્ટ્રીની ઝીણવટભરી તપાસ કરવામાં આવે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં કાચા અને પાકા મકાનો સહિત હજારો ઘરોને આવરી લઈને વ્યાપક હેલ્થ સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે. આ વાયરસ ફેલાવતી સેન્ડફલાય (રેતીની માખી) અને અન્ય જીવાતોના નિયંત્રણ માટે કાચા મકાનો અને પશુઓની ગમાણની આસપાસના વિસ્તારોમાં ડસ્ટિંગ (પાવડરનો છંટકાવ) યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યો છે. તમામ જિલ્લાની સિવિલ અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં બાળકો માટે ખાસ આઈસીયુ (ICU) બેડ, જરૂરી દવાઓ અને વેન્ટિલેટરની પૂરતી વ્યવસ્થા




સુનિશ્ચિત કરવામાં આવી છે.

સામાન્ય રીતે ચોમાસા દરમિયાન અને સપ્ટેમ્બર માસ સુધી આ વાયરસની સક્રિયતા વધુ જોવા મળતી હોય છે. આ વાયરસ મુખ્યત્વે નાના બાળકોને નિશાન બનાવતો હોવાથી નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે.

### વાયરસના મુખ્ય લક્ષણોઃ

વાયરસના લક્ષણો કેવા હોઈ શકે ? તે બાબતે તબીબોનું કહેવું છે કે, અચાનક તીવ્ર તાવ આવવો., ખેંચ (આંચકી) આવવી.ઉલટી–ઝાડા થવા તેમજ બાળક બેભાન થઈ જવું જેવા લક્ષણો જોવા મળે તો માથું ન મારી મુકવું. જો બાળકોમાં આવા કોઈ પણ લક્ષણો દેખાય તો સહેજ પણ સમય બગાડ્યા વિના તરત જ નજીકની સરકારી હોસ્પિટલ કે બાળરોગ નિષ્ણાતનો સંપર્ક કરવા માટે નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે. સરકારે ભયભીત ન થતાં માત્ર સાવચેતી રાખવા પર ભાર મૂક્યો છે.

# વાહન માલિકીની તબદીલી-NOCમાં સુધારો


## પરિવહન પોર્ટલ પર આધાર કાર્ડ લિંક કરવું હવે ફરજિયાત

ગાંધીનગર, તા.૨૦

વાહન માલિકીની તબદીલીની પ્રક્રિયાને પારદર્શક અને સુરક્ષિત બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય

દેશભરમાં વાહન માલિકીની તબદીલી અને નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ-ગઘઈ મેળવવાની પ્રક્રિયાને વધુ પારદર્શક, સુરક્ષિત અને સરળ બનાવવાના હેતુથી ભારત સરકાર દ્વારા પરિવહન પોર્ટલ પર એક મહત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા અંતર્ગત હવે વાહનની માલિકી ફેરફાર અને અન્ય રાજ્યોમાં વાહન તબદીલ કરવાના કિસ્સામાં પરિવહન પોર્ટલ પર આધાર કાર્ડ લિંક કરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ગુજરાત સહિત દેશભરમાં આ નિર્ણયનો અમલ તા. ૧૫ જુલાઈ ૨૦૨૬થી કરી દેવામાં આવ્યો છે.

વાહન ધરાવતા તમામ નાગરિકોને વાહન રેકોર્ડ અને આધાર કાર્ડના રેકોર્ડમાં કોઈપણ પ્રકારની વિસંગતતા કે સમસ્યા સર્જાય નહીં તેવા હેતુથી આ બે




મહત્વપૂર્ણ સેવાઓમાં સુધારો કરાયો છે. આ પ્રક્રિયા અંતર્ગત દરેક અરજદારે પોતાના આધાર કાર્ડની વિગતો પરિવહન પોર્ટલ પર દાખલ કરવાની રહેશે. જો આધાર કાર્ડની વિગતો સંપૂર્ણ મેચ હશે તો જ વાહન માલિકી બદલવાની પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી પૂર્ણ થઈ શકશે.

આધાર કાર્ડ અને પરિવહન પોર્ટલની વિગતોમાં કોઈ તફાવત જણાશે તો અરજદારે પોતાના ડ્રાઈવિંગ લાયસન્સની વિગતો દાખલ કર્યા બાદ જ આ પ્રક્રિયા આગળ વધશે. આ ઉપરાંત જો આરસી બુક અને ડ્રાઈવિંગ લાયસન્સની વિગતોમાં પણ કોઈ વિસંગતતા હોય તો તેવા કિસ્સામાં અરજદારે જરૂરી આધાર-પુરાવા સાથે સંબંધિત આર.ટી.ઓ. કચેરીએ રૂબરૂ જઈને જ પ્રક્રિયા પૂર્ણ કરાવવાની રહેશે.

આ નવી ઓનલાઈન આધાર વેરિફિકેશન પ્રક્રિયાથી વાહનોની તબદીલીમાં ઝડપ અને સરળતા આવશે. આ સાથે જ વાહન માલિકોની સુરક્ષા સુનિશ્ચિત થશે અને ભવિષ્યમાં થતી છેતરપિંડી કે અનધિકૃત વાહન ટ્રાન્સફર જેવા ગુનાઓ અટકાવી શકાશે.

# ગુજરાતમાં ૬ દિવસ હળવાથી ભારે વરસાદનું એલર્ટ

## ૧૨ કલાકમાં ૧૨૪ તાલુકામાં મેઘમહેરથી ખેડૂતો ખુશ

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યમાં છેલ્લા ૩-૪ દિવસથી દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ સક્રિય છે. તેવામાં હવામાન વિભાગે આગામી ૨૬ જુલાઈ સુધી હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. દક્ષિણ અને ઉત્તર ગુજરાતના અમુક જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે.

૨૧-૨૨ જુલાઈએ સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં ભારે વરસાદની શક્યતા છે, અને ૨૦ જુલાઈએ ૧૨૪થી વધુ તાલુકામાં વરસાદ નોંધાયો છે. રાજ્યમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ સક્રિય છે, તેવામાં હવામાન વિભાગે આગામી ૨૬ જુલાઈ સુધી હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે, જેમાં દક્ષિણ અને ઉત્તર ગુજરાતના અમુક જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે રાજ્યમાં ૨૦ જુલાઈએ સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યામાં ૧૨૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગ અનુસાર, ૨૧ જુલાઈએ સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ, જ્યારે ૨૨ જુલાઈએ સુરત, નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી ૨૫-૨૬ જુલાઈના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર જિલ્લામાં પણ ભારે વરસાદની આગાહી છે.

૨૦ જુલાઈએ સવારે ૬થી સાંજે ૬ વાગ્યા સુધીમાં ગુજરાતના ૧૨૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં વલસાડના પારડીમાં સાડા ચાર ઈંચ, વલસાડ શહેર અને નવસારીના ખેરગામમાં ૪-૪ ઈંચ, જલાલપોર અને ગણદેવીમાં ૩-૩ ઈંચ વરસાદ ખાબક્યો છે અને દક્ષિણ ગુજરાતના ૧૯ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.




# રાજકોટમાંથી પકડાયેલ ૨ કરોડના નશીલા પદાર્થોનો કરાયો નાશ

રાજકોટ, તા. ૨૦

રાજકોટ શહેરમાં નાર્કોટિક્સ પદાર્થોની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ વિરુદ્ધ પોલીસ પ્રશાસન દ્વારા ચલાવવામાં આવી રહેલી કડક ઝુંબેશ અંતર્ગત, એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ નોંધાયેલા ૩૨ ગુનાઓમાં કબ્જે કરાયેલા કુલ રૂા. ૨,૦૪,૧૧,૬૪૬ ની કિંમતના માદક પદાર્થોનો કચ્છના ભચાઉ તાલુકાના લાકડિયા ખાતે આવેલા ઈન્સિનેરેશન પ્લાન્ટમાં પોલીસ અધિકારીઓની હાજરીમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરવામાં આવ્યો છે.

આ જમ કરાયેલા મુદ્દામાલમાં મુખ્યત્વે ૨૮૧.૨૯ કિલોગ્રામ ગાંજો (કિંમત રૂા. ૧,૨૦,૪૫,૭૫૪), ૧૯૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજો (કિંમત રૂા. ૬,૮૨,૫૦૦), ૪૫૯ ગ્રામ મેફેડ્રોન/એમડી ડ્રગ્સ (કિંમત રૂા. ૩૫,૭૩,૪૮૦), ૩૬૨ ગ્રામ બ્રાઉન સુગર/હેરોઈન (કિંમત રૂા. ૧૮,૧૨,૯૫૦), ૧.૫૨૦ કિલોગ્રામ રોયલવટી પડીકી (કિંમત રૂા. ૮૮૦) તથા ૧૩,૨૬૨ નંગ (૧૩૨૬.૨ લીટર) નશાકારક કફ સીરપની બોટલો (કિંમત રૂા. ૨૨,૯૬,૦૮૫) નો સમાવેશ થાય છે. પ્રવાહી અને ઘન સ્વરૂપના આ તમામ નશીલા પદાર્થોને કમિટીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં પર્યાવરણના નિયમો જાળવીને સંપૂર્ણપણે નષ્ટ કરવામાં આવ્યા છે.

### અપમૃત્યુની આઘાત આપતી આઠ અલગ અલગ ઘટનાથી પરિવારોમાં કલ્પાંત

# ત્રણ યુવાનોએ ફાંસા ખાઈને, છાત્રાએ એસિડ પી જીવ દીધો

રાજકોટ,તા.૨૦

અપમૃત્યુની ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. વધુ આઠ ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા હતાં. રાજકોટ શહેરમાં ત્રણ યુવાન અને એક વિદ્યાર્થીનીએ ગળાફાંસા ખાઇને અને એસિડ પીને આપઘાત કરી લીધા હતાં. તો અન્ય બનાવમાં એક પ્રૌઢનું વાહન અકસ્માતમાં મોત થયું હતું. તો બીજી તરફ સાળાના લગ્નપ્રસંગે જાનમાં ગયેલા યુવાનનું દિલની દગાખોરીથી મોત થયું હતું. એક યુવાનનું લીમડા ચોકમાં બેભાન થઇ જતાં, એક બાળાનું પેટમાં દુઃખાવા બાદ બેભાન થઇ જતાં મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ વેલનાથપરા શેરી નં. ૯માં રહેતાં વિજયભાઇ રવજીભાઈ દોમડીયા નામના ત્રીસ વર્ષના યુવાને પોતાના ઘરે ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ બોલાવાઇ હતી. પરંતુ તેના તબિબે તેને મૃત જાહેર કરતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આજીડેમ પોલીસને જાણ થતાં પીએસઆઇ જે. એમ. જાડેજા અને રાઈટર મહેન્દ્રભાઇએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. બનાવની જાણ થતા આજીડેમ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. વિજયને મૃત જાહેર કરાતા જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ માટે ખસેડાયો હતો.

પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ વિજયભાઇ લગ્ન બાદ આણંદપરમાં રહેતાં હતાં. પાંચેક મહિના પહેલા રાજકોટ આવી વેલનાથપરામાં ભાઇની સાથે રહેતાં હતાં. અગાઉ તેણે પગમાં ઓપરેશન કરાવતાં





**એક પ્રૌઢનું વાહન અકસ્માતમાં મૃત્યુ થયુંઃ એક યુવાન સાળાની જાનમાં ગયો ત્યાં દિલ દગો દઇ જતાં મોતઃ એક યુવાનું બેભાન હાલતમાં, એક બાળાનું પેટમાં દુઃખાવો થયા બાદ મૃત્યુ**

સળીયા આવ્યા હતાં. આ કારણે દુઃખાવો સતત થતો હોઇ તે સહન ન થતાં આ પગલુ ભરીલીધુ હતું.

જ્યારે બીજા બનાવમાં યુનિવર્સિટી કેમ્પસ પાછળ મુંજકા ટીટોળીયા ક્વાર્ટરમાં રહેતાં નિખીલભાઇ નાગજીભાઇ વાળંદ નામના સત્યાવીસ વર્ષના યુવાને રાતે આઠેક વાગ્યે ઘરે ગળાફાંસો ખાઇ લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના અજયસિંહ ઝાલાએ જરૂરી કાર્યવાહી કરી હતી. કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે. ત્રીજા બનાવમાં કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ નજીક રોહીદાસપરા શેરી નં. ૭માં રહેતાં સતિષભાઇ જેસીંગભાઇ ચૌહાણ નામના સાડત્રીસ વર્ષના યુવાને સવારે નવેક વાગ્યે ઘરે પંખામાં સાડી બાંધી દેહ લટકાવી દેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ૧૦૮ના તબિબે તેને મૃત જાહેર કરતાં બી-ડિવીઝન પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર સતિષભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. ચાર વર્ષ પહેલા તેના છુટાછેડા થઇ ગયા હતાં. હાલમાં તે કમ્પ્રેશરની કંપનીમાં નોકરી કરતો હતો. તેના પિતા બહુમાળીના નિવૃત કર્મચારી છે. સતિષભાઇએ આ પગલુ શા માટે ભર્યુ? તેનાથી પરિવારજનો અજાણ હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

ચોથા બનાવમાં કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસે શીવનગરમાં રેહતી કોમલ વિરમભાઇ ગમારા નામની પંદર વર્ષની બાળાએ બારેક દિવસ પહેલા ઘરે એસિડ પી લેતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કોમલ ધોરણ-૮માં અભ્યાસ કરતી હતી અને એક ભાઈથી નાની હતી. તા. ૯/૭ના રોજ તેણી શાળાએ જવા માટે ઘરેથી નીકળી રહી હતી ત્યારે ઘરકામ બાબતે માતા-પિતા સાથે ચડભડ થતાં માઠુ લાગી જવાથી આ પગલુ ભરી લીધાનું જણાવાયું હતું.

અપમૃત્યુની પાંચમી ઘટનામાં રાણાવાવ ફાટક પાસે શનીવારે સાંજે આઠેક વાગ્યે બે બાઈક સામે સામે અથડાતા રાણાવાવના અમરદડ ગામે રહેતાં હારૂનભાઇ ગુલમહમદભાઇ સમા નામના પચાસ વર્ષના પ્રૌઢ રોડ પર ફેંકાઇ ગયા હતાં. આ વખતે ત્યાંથી પુરઝડપે કાર પસાર થતાં તેઓ કારની ઠોકરે આવી જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. તેમને પોરબંદર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ રાણાવાવ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર હારૂનભાઇ સમા રાણાવાવ નજીક આવેલી હાથી સિમેન્ટની ફેક્ટરીમાં નોકરી કરતાં હતાં. તેઓ સાંજે નોકરી પર જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. તેઓ ત્રણ બહેન અને બે ભાઇમાં નાના હતાં. સંતાનમાં બે દિકરા છે. પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા કારચાલક અંગે તપાસ હાથ ધરી હતી.

છઠ્ઠા બનાવમાં મોડી રાતે બે વાગ્યા આસપાસ અજાણ્યો યુવાન લીમડા ચોકમાં ચાની હોટલ નજીક બેભાન થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મૃત્યુ થયું હતું. આ વખતે જ આ યુવાનનો એક મિત્ર તેને શોધતો શોધતો આવતાં તે હોસ્પિટલે પહોંચ્યો હતો. મૃતક યુવાન તેનો મિત્ર ક્રિષ્ના હોવાનું જણાતાં તેના પિતાને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ક્રિષ્ના સત્તર વર્ષનો હતો અને તેના પિતા નરેશભાઇ મનસુખભાઇ છગ સાથે ભગવતીપરા-૭માં રહેતો હતો. તે પિતાનો એકનો એક દિકરો હતો. પિતા નરેશભાઇ કલર કામની મજુરી કરે છે. તેણે કહ્યું હતું કે ક્રિષ્નાને અગાઉ તાણ આંચકીની બિમારી હોઇ દવા ચાલુ હતી. ગઇકાલે તે મિત્ર સાથે કામે જવાનું કહીને નીકળ્યા બાદ મોડી રાતે તે બેભાન થઇ ગયાની અને હોસ્પિટલમાં મૃત્યુ પામ્યાની મને જાણ થઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

સાતમી ઘટનામાં શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર બાલાજી હોલ નજીક બાંધકામની સાઈટ પર રહી મજુરી કરતાં મુળ મધ્યપ્રદેશના લોકેશભાઇ સિસોદીયાની ૯ વર્ષની પુત્રી નિધી રાતે બેભાન જેવી થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. નિધી ત્રણ બહેન અને એક ભાઇમાં નાની હતી. તેના પિતા અને માતા બાલાજી હોલ નજીક બાંધકામ સાઈટ પર રહી મજૂરી કરે છે. રાતે નિધીએ પોતાને પેટમાં દુઃખતું હોવાનું કહેતાં લોકેશભાઇએ શેઠને બોલાવ્યા હતાં અને દિકરીને સારવાર માટે ખસેડી હતી. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

આઠમા બનાવમાં પોપટપરા શેરી નં. ૧૨માં રહેતો ૨૭ વર્ષનો પ્રવિણભાઇ દિનેશભાઇ સોલંકી પડધરી રહેતાં સાળા વિશાલના લગ્ન પ્રસંગમાં સામેલ થયા ગયો હતો. જાન વાંકાનેરના તિથવા ગામે ગઇ હોઇ પ્રવિણભાઇ ત્યાં હતો ત્યારે બેભાન થઇ જતાં વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર પ્રવિણભાઇ બે ભાઇ અને પાંચ બહેનમાં ત્રીજો હતો. તેને સંતાનમાં એક દિકરી છે. પોતે શાકભાજી વેંચી ગુજરાન ચલાવતો હતો. લગ્નપ્રસંગમાં આ બનાવ બનતાં ખુશી શોકમાં પલ્ટાઇ ગઇ હતી. આમ આઠ ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દીધા હતાં.

# પ્રીમિયર સ્કૂલ દ્વારા
# પ્રાઈમરીના વિદ્યાર્થીઓને અંબિકા સ્કૂલના લિવિંગ સર્ટિફિકેટ આપવાનો ભ્રષ્ટાચાર?


## સ્થળ ફેરફારની મંજૂરી વગર બોગસ એડમિશન આપવાનો ખેલ? : સરકારી દસ્તાવેજો સાથે ખુલેઆમ છેડછાડ?

રાજકોટ, તા. ૨૦

શહેરની શિક્ષણ વ્યવસ્થા અને નિયમોને નેવે મૂકીને ચાલતા એક ગંભીર કૌભાંડનો પર્દાફાશ થયો છે. પ્રીમિયર સ્કૂલ દ્વારા પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓને નિયમો વિરુદ્ધ જઈને અંબિકા સ્કૂલના લિવિંગ સર્ટિફિકેટ (LC) અપાતા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. સરકારી ચોપડે અને U-DISE ડેટામાં ગંભીર વિસંગતતાઓ હોવા છતાં, આ સમગ્ર ખેલ ખુલ્લેઆમ ચલાવવામાં આવી રહ્યો છે, જે શિક્ષણ વિભાગના સુચારૂ સંચાલન સામે મોટા સવાલો ઊભા કરે છે.

અંબિકા સ્કૂલના પ્રાઈમરી વિભાગને સ્થળ ફેરફાર અંગે શિક્ષણ વિભાગ તરફથી કોઈ અધિકૃત મંજૂરી મળેલ નથી. આમ છતાં, પ્રીમિયર સ્કૂલ સાથે મિલીભગત કરીને વિદ્યાર્થીઓને બોગસ એડમિશન આપવામાં આવી રહ્યા છે. આ પ્રકારનું ગેરકાયદેસર નેટવર્ક ઊભું કરીને વાલીઓ અને સરકારી તંત્ર બંનેને અંધારામાં રાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ કૌભાંડની સૌથી ગંભીર બાબત એ છે કે વિદ્યાર્થીઓના સરકારી U-DISE ઈઉમાં તેમની શાળાનું સરનામું ૮૦ ફૂટ રોડ પર બતાવે છે. તેમ છતાં, પ્રીમિયર સ્કૂલ દ્વારા આપવામાં આવતા લિવિંગ સર્ટિફિકેટ (LC) પર ખોટા સરનામા દર્શાવીને સરકારી દસ્તાવેજોમાં સીધી છેડછાડ કરવામાં આવી રહી છે. સરકારી ડેટાબેઝ (U-DISE) અને ભૌતિક દસ્તાવેજ (LC) વચ્ચેનો આ તફાવત માત્ર બિનકાળજી નથી, પરંતુ કાયદાકીય રીતે ગુનો બનતી ગંભીર છેડછાડ છે.

સરકારી કાગળો અને દસ્તાવેજો સાથે થતી આવી છેડછાડ એ માત્ર શાળાની ગેરરીતિ નથી, પરંતુ કાયદાનો અનાદર છે. વાલીઓ અને જાગૃત નાગરિકોની માંગ છે કે શિક્ષણ વિભાગ આ મુદ્દે તાત્કાલિક ધોરણે સ્પેશિયલ ઈન્સ્પેક્શન ટીમ (SET) ગઠિત કરીને સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરે અને દોષિત શાળા સંચાલકો સામે કડકમાં કડક પગલાં ભરે.




### વાલીઓના ભવિષ્ય અને વિદ્યાર્થીઓના કરિયર સાથે રમત

શાળા સંચાલકોની આવી ગેરરીતિઓને કારણે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર લટકતી તલવાર જેવી સ્થિતિ સર્જાઈ છેઃ

– **ઉચ્ચ શિક્ષણમાં અડચણ :–** ભવિષ્યમાં જ્યારે આ વિદ્યાર્થીઓ અન્ય શાળા કે કોલેજમાં પ્રવેશ લેશે, ત્યારે ખોટા દસ્તાવેજોના કારણે તેમનું એડમિશન રદ થવાનું જોખમ રહેલું છે.

– **સરકારી યોજનાઓથી વંચિત :–** U-DISE આઈડી અને એલ.સી. વચ્ચેના સરનામાના તફાવતને કારણે સરકારી સ્કોલરશિપ કે અન્ય યોજનાઓનો લાભ મેળવવામાં મુશ્કેલી પડી શકે છે.

### શિક્ષણ વિભાગ સામે ઊભા થતા તીખા સવાલો

– શું શિક્ષણ વિભાગના અધિકારીઓ આ સમગ્ર કૌભાંડથી અજાણ છે કે પછી જાણી જોઈને આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે?

– સ્થળ ફેરફારની મંજૂરી વગર કઈ રીતે પ્રાઈમરી સ્કૂલનું સંચાલન થઈ રહ્યું છે?

– બોગસ એડમિશન અને સરકારી દસ્તાવેજોમાં છેડછાડ કરનાર શાળા સંચાલકો સામે કડક કાયદાકીય કે ફોજદારી કાર્યવાહી ક્યારે થશે?

---

ગ્રામ્યના 3 કેસમાં FIRનો આદેશ : કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને ૪૬ કેસોનું સુનાવણી કરાઈઃ ૧૪ કેસમાં સમાધાન અને ૨૭ અરજીઓ ફગાવી દેવાઈ



# લેન્ડગ્રેબીંગ કમિટીની બેઠકમાં કડક નિર્ણય

રાજકોટ, તા. ૨૦

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને લેન્ડગ્રેબીંગ કમિટીની મહત્વની બેઠક યોજાઈ હતી. સરકારી જમીન પર પેશકદમી કરનારા તેમજ પારકી મિલકત પચાવી પાડનારા તત્વો સામે કાયદાનો શિકંજો કસવાના ભાગરૂપે યોજાયેલી આ બેઠકમાં રાજકોટ શહેર અને જિલ્લાના કુલ ૪૬ કેસોનું હિયરિંગ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૧૦ જેટલા અરજદારોને રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા.

સમગ્ર સુનાવણીના અંતે કમિટી દ્વારા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ત્રણ કેસોમાં કડક કાર્યવાહી કરતા પોલીસ ફરિયાદ (FIR) દાખલ કરવા માટે જિલ્લા કલેક્ટર દ્વારા આદેશ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, બેઠક દરમિયાન અન્ય ૧૪ કેસોમાં પક્ષકારો વચ્ચે સમાધાન થતાં તેનો સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો.

બીજી તરફ, જરૂરી આધાર-પુરાવાનો અભાવ ધરાવતી ૨૭ જેટલી અરજીઓને રદ્દ કરવામાં આવી હતી, જ્યારે વધુ તપાસ અને રિપોર્ટની જરૂરિયાત જણાતા ૨ કેસોને હાલ પેન્ડિંગ રાખવાનો નિર્ણય લેવાયો છે. આ પેન્ડિંગ કેસો અંગે આગામી લેન્ડગ્રેબીંગ કમિટીની બેઠકમાં આખરી નિર્ણય લેવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં અધિક કલેક્ટર બારોટ, જિલ્લા પોલીસવડા, મ્યુનિસિપલ કમિશનર સહિત કમિટીના અન્ય ઉચ્ચ સભ્યો અને અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

---

# ડિમોલેશનના ભ્રષ્ટાચાર અંગે રચાયેલી SIT તપાસનો રિપોર્ટ જાહેર કરો

## સ્થાનિક ભાજપ સરકાર સામે આકરા પ્રહારો સાથે વિરોધ દર્શાવતું કોંગ્રેસ

રાજકોટ, તા. ૨૦

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મહાનગરપાલિકાના શાસકો અને સ્થાનિક ભાજપ સરકાર સામે આકરા પ્રહારો સાથે વિરોધ દર્શાવવામાં આવ્યો છે. ચોમાસાની શરૂઆત થતાં જ રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે અને પ્રિ-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ થઈ હોવાની વાસ્તવિકતા સામે આવી છે. શહેરના અનેક વિસ્તારોમાં લોકોના ઘરો સુધી ગંદુ અને દુર્ગંધયુક્ત પીવાનું પાણી પહોંચી રહ્યું છે, જેના કારણે રોગચાળો ફેલાવાનો ભય ઊભો થયો છે. આ ઉપરાંત, રસ્તાઓ પર પડેલા અસંખ્ય ખાડાઓને લીધે વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવવા મજબૂર બન્યા છે.

બીજી તરફ, તાજેતરમાં થયેલા મેગા ડિમોલેશનને ભાજપ દ્વારા ઐતિહાસિક કાર્યવાહી ગણાવવામાં આવી રહી છે, પરંતુ કોંગ્રેસના આક્ષેપ મુજબ તેમાં ઐતિહાસિક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. આ ભ્રષ્ટાચારની તપાસ માટે SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) ની રચના તો કરવામાં આવી, પરંતુ આજ સુધી કોઈ ભ્રષ્ટાચારીઓ સામે નક્કર કાયદાકીય પગલાં લેવામાં આવ્યા નથી. વિરોધ પક્ષ તરીકે કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે કે SIT તપાસનો રિપોર્ટ હજુ સુધી જાહેર કેમ કરવામાં આવ્યો નથી? આ સમગ્ર કાર્યવાહી માત્ર પ્રજાનો રોષ શાંત કરવા અને તેમને ગેરમાર્ગે દોરવાનો એક દેખાડો જ સાબિત થઈ છે.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ આ મુદ્દે તીખી પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, ‘‘રાજકોટની જનતાએ ભાજપ પર વિશ્વાસ મૂક્યો હતો, પરંતુ આજે શહેરની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. ગંદુ પાણી, તૂટેલા રસ્તાઓ, અધૂરી પ્રિ-મોન્સૂન કામગીરી અને ભ્રષ્ટાચારથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે.‘‘



તેમણે વધુમાં ઉમેર્યું હતું કે SITની રચના માત્ર દેખાડો હતી અને કોંગ્રેસ રાજકોટના લોકોને શુદ્ધ પીવાનું પાણી, સારા રસ્તાઓ અને પ્રાથમિક સુવિધાઓ નહીં મળે ત્યાં સુધી ભાજપ સરકાર અને મહાનગરપાલિકા સામે ઉગ્ર લડત ચાલુ રાખશે.

આ વિરોધ પ્રદર્શન અને કાર્યક્રમમાં ડો. રાજદીપસિંહ જાડેજા ઉપરાંત ડો. હેમાંગ વસાવડા, જસવંતસિંહ ભટ્ટી, ડી.પી. મકવાણા, મહેશ રાજપૂત, અતુલ રાજાણી, સંજય જુડિયા, મુકેશ ચાવડા, તુષાર નંદાણી, નીતિન ભંડેરી, વૈશાલી શિંદે, મેહુલ મકવાણા, રવિ જીતીયા, આદિત્યસિંહ ગોહિલ, હરપાલસિંહ જાડેજા, ગોપાલ અનડકટ, મુકુંદ ટાંક, નરેન્દ્ર પટેલ, હિરેલ રાઠોડ, પ્રફુલ્લાબા ચૌહાણ, નયનાબા જાડેજા, હેમાંગિનીબેન, જયાબેન ચૌહાણ, ભાવેશ વાઘેલા, જગુભા જાડેજા, પરેશ પરમાર, આરીફ ભોનીયા, શૈલેષ સાકરિયા, ગિરીશ ઘરસંડીયા, કેતન તાળા, હાર્દિક પટેલ, વિજયસિંહ જાડેજા, સુરેશ ગેરૈયા, રાજુ ચાવડા, રાજુ બાબિયા, નિલેશ મારુ, મનસુખ જાદવ, મુકેશ રબારી, જીતુ રાઠોડ અને ઠાકરશી ગજેરા સહિત કોંગ્રેસના અનેક હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

---

# રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે નવી માર્ગદર્શિકા

## ’કમ્પ્લીટ સ્ટ્રીટ્સ’ અભિગમ સાથે સુરક્ષિત અને આધુનિક રસ્તાઓનું થશે નિર્માણ



રાજકોટ, તા. ૨૦

ગુજરાત રાજ્યના શહેરી વિસ્તારોમાં ઝડપથી વધી રહેલા ટ્રાફિક, માર્ગ અકસ્માતો અને અસ્તવ્યસ્ત વાહન વ્યવહારની સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા માટે શહેરી વિકાસ વિભાગે એક અતિ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે અમદાવાદ સહિત ગુજરાતના તમામ શહેરી વિસ્તારો માટે રોડ કન્સ્ટ્રક્શન, સ્ટ્રીટ ડિઝાઈન, જંક્શન ડિઝાઈન અને સાઈનેજ (માર્ગદર્શક બોર્ડ) માટે નવી અને વ્યાપક માર્ગદર્શિકા જારી કરી છે. આ માર્ગદર્શિકાનો પ્રાથમિક અને મુખ્ય ઉદ્દેશ્ય શહેરી શેરીઓને માત્ર વાહનો દોડાવવા માટે નહીં, પરંતુ દરેક નાગરિક માટે એક સુરક્ષિત, સુવિધાસભર અને ગુણવત્તાસભર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવાનો છે. અત્યાર સુધીના શહેરી આયોજનમાં મુખ્યત્વે મોટર વાહનો (કાર્સ, બાઈક્સ અને કોમર્શિયલ વાહનો)ને ધ્યાનમાં રાખીને જ રસ્તાઓનું નિર્માણ કે પહોળા કરવાની કામગીરી કરવામાં આવતી હતી. આ જૂની પરંપરાગત અને વાહન-કેન્દ્રિત નીતિથી દૂર જઈને ગુજરાત સરકારે હવે ‘કમ્પ્લીટ સ્ટ્રીટ્સ’ નો વૈશ્વિક અને આધુનિક અભિગમ અપનાવ્યો છે. ગુજરાતના શહેરી વિકાસ વિભાગનો આ નિર્ણય રાજ્યના શહેરી ક્ષેત્ર માટે એક ક્રાંતિકારી પગલું સાબિત થશે. ’કમ્પ્લીટ સ્ટ્રીટ્સ’નો આ અભિગમ માત્ર વાહનોની સ્પીડ વધારવા માટે નહીં, પરંતુ નાગરિકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે બનાવવામાં આવ્યો છે. આ નીતિના અમલથી શહેરોમાં રોડ અકસ્માતો અને મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થશે, સાર્વજનિક ટ્રાન્સપોર્ટ અને સાઈકલિંગને પ્રોત્સાહન મળવાથી પ્રદૂષણ ઘટશે અને ગુજરાતના શહેરો વૈશ્વિક કક્ષાના સ્માર્ટ અને લિવબલ (જીવવા યોગ્ય) શહેરો બની શકશે.

### ૯ થી ૩૬ મીટર રાઈટ-ઓફ-વે માટે ‘લોકો-કેન્દ્રિત’ ક્રોસ-સેક્શન્સ

નવી માર્ગદર્શિકામાં જમીનની ઉપલબ્ધતા અને રસ્તાઓની પહોળાઈ મુજબ ચોક્કસ ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. ૯ મીટરથી લઈને ૩૬ મીટર સુધીની રાઈટ-ઓફ-વે ધરાવતા તમામ રસ્તાઓ માટે વિશેષ ’લોકો-કેન્દ્રિત’ સ્ટ્રીટ ક્રોસ-સેક્શન્સ નિર્ધારિત કરાયા છે. આ આયોજનમાં સમાજના નબળા અને સંવેદનશીલ વર્ગોની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખવામાં આવી છેઃ

– **સર્વસમાવેશક સુરક્ષા :–** બાળકો, વરિષ્ઠ નાગરિકો અને વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓ કોઈપણ ભય વગર સ્વતંત્ર રીતે રસ્તાઓનો ઉપયોગ કરી શકે તે પ્રકારનું ગ્રેડ-સેપરેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરાશે.

– **સુરક્ષિત ક્રોસિંગ :–** જંક્શન ડિઝાઈન એવી રીતે કરાશે જેથી પગપાળા ક્રોસ કરનારા લોકોને પૂરતો સમય અને સુરક્ષા મળે.

– **પાયલોટ પ્રોજેક્ટ્સ :–** આ ફંડ દ્વારા અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરોમાં મોડેલ રોડ પ્રોજેક્ટ્સ અને પાયલોટ સ્ટ્રીટ ડિઝાઈન્સ વિકસાવવા માટે ગ્રાન્ટ/ભંડોળ આપવામાં આવશે.

– **ફરજિયાત એકસમાન ધોરણો :–** આ નીતિ રાજ્યની તમામ અર્બન લોકલ બોડીઝ (ULBs – જેવી કે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ) માટે ફરજિયાત બનાવવામાં આવી છે. આનાથી સમગ્ર ગુજરાતમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એકસમાન તકનીકી, વહીવટી અને સૌંદર્યશાસ્ત્રીય ધોરણો જાળવી શકાશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# કોકરોચની બઘડાટી..

## દિલ્હીમાં શિક્ષણના નામે હિંસા - અરાજકતા ફેલાવવાનો પ્રયાસ



રાજધાની દિલ્હીના ગઇ કાલે શિક્ષણ જેવા અત્યંત સંવેદનશીલ વિષયને આગળ ધરીને જે પ્રકારનું હિંસક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું, તે અત્યંત ચિંતાજનક બાબત છે. પેપર લીકની ઘટનાઓ સામે વિદ્યાર્થીઓનો આક્રોશ વ્યાજબી હોઈ શકે, પરંતુ આ મુદ્દાથી શરૂ થયેલી લડતે અચાનક જે ઉગ્ર અને અરાજક સ્વરૂપ ધારણ કર્યું છે.

આ બાબત દર્શાવે છે કે આ આંદોલન હવે સામાન્ય વિદ્યાર્થીઓનું રહ્યું નથી. દેશની સર્વોચ્ચ સંસ્થા ગણાતી સંસદ પર હુમલો કરવાની અને તેને ઘેરાવ કરવાની ખુલ્લી ધમકીઓ આપવી, રસ્તાઓ પર ઉતરીને પથ્થરમારો કરવો અને કાયદો- વ્યવસ્થાના ફાચા ઉડાડવા એ બતાવે છે કે શિક્ષણના ઓથાર હેઠળ અન્ય કોઈ મોટો અજંડા કામ કરી રહ્યો છે.

કોકરોચ જનતા પાર્ટીના નેતા અભિજીત દીપક અને તેમની ટીમનું આક્રમક વલણ જોઈને સ્પષ્ટ થાય છે કે આ વિપક્ષ દ્વારા પ્રોત્સાહિત કરાયેલું એક મોહરું છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સામે રાજકીય રીતે કંઈ પણ ઉકાળી ન શકનાર વિપક્ષ હવે યુવાનોની લાગણીઓ સાથે રમત રમી રહ્યું હોય તેમ જણાય છે. વિદ્યાર્થીઓ અને યુવા વર્ગમાં અસંતોષની હવા ભરીને દેશભરમાં અરાજકતાનું વાતાવરણ ઊભું કરવાની ઘોર નીતિ અપનાવવામાં આવી રહી છે.

યુવાનોની કારકિર્દી સુધારવાને બદલે તેમને હિંસક વિરોધ તરફ ધકેલીને પોતાના રાજકીય સ્વાર્થ સાધવાની આ રમત લોકશાહી માટે અત્યંત ઘાતક છે. સોનમ વાંગચુક જેવા લોકોના અનશન અને નેપાળ જેવી અરાજકતા તરફ દેશને ધકેલવાના પ્રયાસોથી દેશવાસીઓએ સાવધાન રહેવાની જરૂર છે.

રાજનીતિમાં ગમે તે પ્રયોગો શક્ય છે, પરંતુ શિક્ષણ અને યુવાધનનો ભોગ લઈ અરાજકતા સર્જવાનો પ્રયાસ કોઈ પણ સંજોગોમાં આવકાર્ય ન હોઈ શકે. લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ નોંધાવવાનો અધિકાર સૌને છે, પરંતુ સંસદ સામે હિંસા આચરવી કે દેશની સ્થિરતા જોખમાવવી એ ગુનો છે. સરકારે એક તરફ વિદ્યાર્થીઓના વ્યાજબી પ્રશ્નો ઉકેલવા જ જોઈએ, તો બીજી તરફ શિક્ષણના નામે દેશમાં ઉપદ્રવ મચાવતા અને યુવાનોને ભડકાવતા અરાજકતાવાદી તત્વો સામે પણ સખત હાથ કામ લેવું જરૂરી છે.

# ભારતની પ્રથમ ડેન્ગ્યુ રસી

## ટાકેડાની QDENGA ને DCGI ની મંજૂરી મળી




રાજકોટ, તા. ૨૦

ભારતને ડેન્ગ્યુની પહેલી રસી મળી ગઈ છે. તાકેડા બાયોફાર્માસ્યુટિકલ્સ ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે સોમવારે જાહેરાત કરી હતી કે તેને ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા (ઉઈઋઁઈ) તરફથી તેની ડેન્ગ્યુ રસી, ક્યુડેંગા માટે બજાર અધિકૃતતા મળી ગઈ છે. ક્યુડેંગા રસી ભારતમાં મંજૂર કરાયેલી પહેલી ડેન્ગ્યુ રસી છે. તેનો ઉપયોગ ૪ થી ૬૦ વર્ષની વયના લોકોમાં ડેન્ગ્યુને રોકવા માટે થઈ શકે છે. જાપાનની અગ્રણી બાયોફાર્માસ્યુટિકલ કંપની, ટેકડાની આ શાખાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ રસી કોઈપણ વ્યક્તિને આપી શકાય છે, પછી ભલે તેમને ડેન્ગ્યુનો ચેપ લાગ્યો હોય કે ન હોય. વધુમાં, રસીકરણ પહેલાં કોઈ પરીક્ષણની જરૂર નથી.

તાકેડા ખાતે ઇન્ટરકોન્ટિનેન્ટલ માર્કેટ્સના વડા મહેન્દ્ર નાયકે જણાવ્યું હતું કે, ૨૦૨૨ માં તેની શરૂઆત થઈ ત્યારથી, ૪૩ દેશોમાં ચઉઊગઋઅ રસીને મંજૂરી આપવામાં આવી છે, અને વિશ્વભરમાં ૩૨ મિલિયનથી વધુ ડોઝનું વિતરણ કરવામાં આવ્યું છે. આ મંજૂરી ભારતમાં ડેન્ગ્યુ નિવારણને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચઉઊગઋઅ માટેનો તાજેતરનો સાત વર્ષનો ડેટા ડેન્ગ્યુ ચેપ અને હોસ્પિટલમાં દાખલ થવા સામે સતત રક્ષણ દર્શાવે છે. આ રક્ષણ ચારેય ડેન્ગ્યુ વાયરસ સેરોટાઈપ્સ સામે છે. માનવ સમુદાય અને આરોગ્ય પ્રણાલીઓ માટે આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં મંજૂરી તાકેડાના વૈશ્વિક ક્લિનિકલ વિકાસ કાર્યક્રમના પરિણામો પર આધારિત છે. આ કાર્યક્રમમાં ઉચ્ચ અને નીચા ડેન્ગ્યુવાળા વિસ્તારોમાં ૨૮,૦૦૦ થી વધુ લોકો સાથે સંકળાયેલા ૧૯ ક્લિનિકલ ટ્રાયલ (તબક્કો ૧, ૨ અને ૩)નો સમાવેશ થાય છે. કંપનીએ એમ પણ જણાવ્યું હતું કે તેને ભારતીય વસ્તીમાં હાથ ધરવામાં આવેલા તબક્કા ૩ ટ્રાયલ માટે મંજૂરી આપવામાં આવી છે. આને ક્લિનિકલ ટ્રાયલ (ઉઊગ-૩૦૨) ના ડેટા દ્વારા પણ સમર્થન મળે છે. આ ટ્રાયલમાં ૪ થી ૬૦ વર્ષની વયના લોકોમાં રસીની સલામતી અને રોગપ્રતિકારક શક્તિ (રોગપ્રતિકારક શક્તિ પ્રેરિત કરવાની ક્ષમતા)નું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. રસી ઓછામાં ઓછા ૩ મહિનાના અંતરે ૦.૫ મિલી દરેકના બે ડોઝમાં ચામડીની નીચે આપવામાં આવે છે.

તાકેડાના દક્ષિણપૂર્વ એશિયા અને ભારત ક્લસ્ટરના તબીબી બાબતોના વડા ગોહ ચૂ બેંગે જણાવ્યું હતું કે ડેન્ગ્યુ ભારતમાં એક મહત્વપૂર્ણ સમસ્યા છે. ઘણા વિસ્તારોમાં, ડેન્ગ્યુ વાયરસના ચારેય સેરોટાઈપ્સ એક સાથે ફરતા જોવા મળ્યા છે. બેંગે ઉમેર્યું, ''આ રસી ચારેય સીરોટાઈપ્સ સામે રક્ષણ આપવા માટે બનાવવામાં આવી છે, પછી ભલે કોઈ વ્યક્તિને પહેલા ડેન્ગ્યુ થયો હોય કે ન હોય. સરકાર દ્વારા તેની મંજૂરી દેશમાં ડેન્ગ્યુ નિવારણ માટેના વ્યાપક અભિગમને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે, જેમાં વેક્ટર નિયંત્રણ દેખરેખ, સમુદાય જાગૃતિ અને અન્ય મહત્વપૂર્ણ જાહેર આરોગ્ય પગલાંનો પણ સમાવેશ થાય છે.'' કંપનીએ જણાવ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંગઠન (ઠઇંઘ) એ ડેન્ગ્યુ-સ્થાનિક વિસ્તારોમાં ઉપયોગ માટે ચઉઊગઋઅ રસીની ભલામણ કરી છે. વધુમાં, ઠઇંઘ એ ભલામણ કરી છે કે ઉચ્ચ-પ્રભાવવાળા વિસ્તારોમાં ચોક્કસ રસીકરણ કાર્યક્રમોના ભાગ રૂપે ડોઝ જાહેરમાં આપવામાં આવે, જે રસીકરણ પૂર્વે તપાસની જરૂરિયાતને દૂર કરે છે.ડેન્ગ્યુ એક ખતરનાક મચ્છરજન્ય વાયરલ રોગ છે અને વિશ્વભરના ગરીબ દેશોમાં એક મોટી સમસ્યા છે. ડેન્ગ્યુ ૧૨૫ થી વધુ દેશોમાં પ્રચલિત છે. કંપનીના જણાવ્યા અનુસાર, વિશ્વભરના તમામ ડેન્ગ્યુ કેસોમાં ભારતનો હિસ્સો લગભગ એક તૃતીયાંશ છે. કંપનીએ જણાવ્યું હતું કે વ્યાપક રોગ સંક્રમણ, ઝડપી શહેરીકરણ અને હવામાન સંબંધિત પરિબળોને કારણે દર વર્ષે લાખો ભારતીયો જોખમમાં છે જે મચ્છરોની વસ્તીને પ્રોત્સાહન આપે છે.

# પૂંછમાં વિનાશક વાવાઝોડું

## મુશળધાર વરસાદથી ૧૫ લોકોના મોત : વિનાશ વચ્ચે જીવનની શોધ



નવીદિલ્હી, તા. ૨૦

જમ્મુ અને કાશ્મીરના પૂંચમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. વાદળ ફાટવા અને અચાનક આવેલા પૂરના કારણે જિલ્લામાં ભારે તબાહી મચી ગઈ છે. આ કુદરતી આફતમાં અત્યાર સુધીમાં કુલ ૧૫ લોકોના મોત થયા છે. આમાંથી આઠ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે સાત હજુ પણ ગુમ છે અને તેમની શોધ ચાલી રહી છે. વહીવટીતંત્ર, જઉછઋ અને પોલીસ ટીમો સતત રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલા છે. પૂંચમાં પરિસ્થિતિ ભયાનક છે. ગઈકાલે જિલ્લાના દારા સાંગલા ગામમાં વાદળ ફાટવાથી ભારે નુકસાન થયું હતું. સમગ્ર વિસ્તારમાં વિનાશનું દ્રશ્ય જોવા મળી રહ્યું છે. લગભગ ૩૦ ઘરો સંપૂર્ણપણે ધોવાઈ ગયા છે. ગામમાં ચાર લોકોના મોત થયા છે, પરંતુ અત્યાર સુધીમાં ફક્ત એક જ મૃતદેહ મળી શક્યો છે. આખો પર્વતીય પ્રવાહ વહેતી નદીમાં ફેરવાઈ ગયો છે, અને આ વિસ્તાર હજુ પણ જોખમમાં છે. વહીવટીતંત્ર પરિસ્થિતિનું સતત મૂલ્યાંકન કરી રહ્યું છે.

આ દરમિયાન, વિરોધ પક્ષના નેતા સુનીલ શર્માના નેતૃત્વમાં ભાજપ દ્વારા રચાયેલું એક પ્રતિનિધિમંડળ પણ દારા સાંગલા પહોંચ્યું. ટીમે નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ગ્રાઉન્ડ ઝીરોની મુલાકાત લીધી અને અસરગ્રસ્ત પરિવારો સાથે મુલાકાત કરી. નેતા સુનિલ શર્માએ જણાવ્યું હતું કે આ મુલાકાતના આધારે એક વિગતવાર અહેવાલ કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે જેથી અસરગ્રસ્ત લોકોને શક્ય તેટલી વહેલી તકે યોગ્ય વળતર મળી શકે.ભારે વરસાદની અસર ફક્ત પૂંચ પૂરતી મર્યાદિત નથી. કિશ્તવાડ અને ડોડા જિલ્લામાં પણ અનેક સ્થળોએ ભૂસ્ખલન થયું છે અને અવિરત વરસાદને કારણે અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, વાદળ ફાટવા અને વરસાદથી આશરે ૨૧૦ રસ્તાઓ પ્રભાવિત થયા હતા. તેમાંથી ૧૧૦ રસ્તાઓ પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે, જ્યારે આશરે ૧૦૦ રસ્તાઓ ક્ષતિગ્રસ્ત છે અને તેમને પુનઃસ્થાપિત કરવાનું કામ ચાલુ છે. દારા સાંગલાની મુલાકાત લેનારા ભાજપ નેતા રવિન્દર રૈનાએ ઝટ૯ ભારતવર્ષને જણાવ્યું હતું કે પૂંચ અને રાજૌરીના લોકોને ભારે નુકસાન થયું છે અને તેમને તાત્કાલિક રાહત અને વળતરની જરૂર છે. દરમિયાન, વિપક્ષના નેતા સુનિલ શર્માએ રાજ્ય સરકારની ટીકા કરતા કહ્યું કે આ આફતના સમયમાં કોઈ જવાબદાર સરકારી પ્રતિનિધિ અસરગ્રસ્ત લોકો સુધી પહોંચ્યો નથી. તેમણે આરોપ લગાવ્યો કે મુખ્યમંત્રી કે વિસ્તારના ચૂંટાયેલા ધારાસભ્યએ લોકોની સુખાકારી વિશે પૂછપરછ કરવા માટે ઘટનાસ્થળની મુલાકાત લીધી નથી.

ભાજપના નેતા સુનીલ શર્માએ જણાવ્યું હતું કે જ્યારે લોકોએ પોતાના ઘર અને પ્રિયજનો ગુમાવ્યા છે, ત્યારે સરકારી પ્રતિનિધિઓ દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબમાં વ્યસ્ત છે, જે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે ખાતરી પણ આપી હતી કે ભાજપ ટૂંક સમયમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રી પહોંચાડશે. જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં સતત ભારે વરસાદ અને વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો છે. અત્યાર સુધીમાં ૧૫ લોકોનાં મોત થયા છે, ૭ ગુમ થયા છે. દારા સાંગલા ગામમાં, ૩૦ ઘરો ધોવાઈ ગયા છે, જ્યારે વહીવટીતંત્ર રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલું છે. વિપક્ષી પાર્ટી એ સરકારની નિષ્ક્રિયતા પર સવાલ ઉઠાવ્યા અને તાત્કાલિક વળતરની માંગ કરી.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### અષાઢની ગુપ્ત નવરાત્રી એ ગુપ્ત ભાવની વૃદ્ધિ માટે મા આદ્યશક્તિ ને પ્રાર્થના કરીએ



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આમ તો આજે મંગળવાર અને ગીતા જ્ઞાનનો દિવસ, પણ અષાઢ નવરાત્રી હવે પૂરી થવામાં છે, અને અષાઢ નવરાત્રીને ભલે ગુપ્ત નવરાત્રિ કહેવામાં આવે, પણ મા આદ્યશક્તિ અંબાની કોઈપણ નવરાત્રી હોય એ વિશ્વ મંગલ માટે જ અસ્તિત્વમાં આવી છે, તો આપણે પણ આજે શક્તિનાં ગુપ્ત ભાવ પર થોડું કંઈક વિશિષ્ટ ચિંતન કરીશું. સનાતનની પરંપરા મુજબ વર્ષમાં ચાર નવરાત્રી ઉજવવામાં આવે છે, મહા, ચૈત્ર, અષાઢ, અને આસો. મહા મહિનાની અને અષાઢ મહિનાની નવરાત્રીને ગુપ્ત નવરાત્રી કહેવામાં આવે છે. સામાન્ય રીતે મહા મહિનાની અને અષાઢ મહિનાની આ ગુપ્ત નવરાત્રી તંત્ર માર્ગના સાધકો માટે છે, અને તેઓ વિશિષ્ટ સિદ્ધિ માટે આ નવરાત્રીમાં અનુષ્ઠાન કરતાં હોય છે. ગુપ્ત નવરાત્રિમાં મા કાલી, તારા દેવી, ત્રિપુરા સુંદરી, ભુવનેશ્વરી, માતા છિન્નમસ્તા, ત્રિપુરા ભૈરવી, મા ધુમાવતી, માતા બગલામુખી, માતંગી અને કમલા દેવીની પૂજા કરવામાં આવે છે. અષાઢ સુદ એકમને દિવસે મહાકવિ કાલિદાસનો જન્મ દિવસ માનવામાં આવે છે, અને આપણે સૌ જાણીએ છીએ કે કાલિદાસને મહામૂર્ખની ઉપાધિ મળી હતી, અને પછી એ મા કાલીની ઉપાસના કરી મહાકવિ બન્યાં, એટલે અષાઢી નવરાત્રી એ મૂર્ખ માંથી મહાન બનવાની સીડી છે, એમ કહી શકાય. પણ આપણાં જેવાં સંસારીઓ માટે તો સિદ્ધિ નહીં પણ શુદ્ધિનું મહત્વ હોવાથી, સીધાસાદા પાઠ પૂજા કરીને એને ઉજવવી જોઈએ, કારણકે આજકાલ સમાજ સુખી હોવા છતાં શાંત નથી. મા દુર્ગાનું કોઈપણ સ્વરૂપ હોય પણ, તત્વતઃ તે શક્તિ પ્રદાન કરનાર છે, અને આ ઘોર કળિયુગમાં માત્ર સ્થૂળ શક્તિથી કામ નથી ચાલતું, એની માટે આંતરિક ભાવ શક્તિ વગર સુખ શાંતિ મળતાં નથી. તો ચાલો આ અષાઢી નવરાત્રી એ સિદ્ધિ નહીં, પણ શુદ્ધિ માટે કરીએ મા દુર્ગાને આહવાન! જે આપણાં આંતરિક મનોભાવને શુદ્ધ કરીને આપણાં જીવનની દિશાને એક નવો મોડ આપે, જ્યાં શાંતિનો બહોળો વ્યાપ હોય!

મા અષાઢી અંબા ક્યારેક વર્ષા રુપે વરસીને, તો ક્યાંક લીલીછમ્મ પ્રકૃતિ રુપે, તો ક્યાંક પૃથ્વીને રસાતાળ કરીને આપણું પોષણ કરે છે. બાહ્ય પ્રકૃતિ શક્તિનું એક સ્વરૂપ છે જ, પરંતુ આંતર બાહ્ય પ્રકૃતિનું પોષણ કરનાર જો કોઈ તત્વ હોય તો એ શક્તિ છે! અને એ રીતે પોષણ કર્તા ઈશ્વર તત્વ પણ જો શક્તિ વિહિન હોય તો સર્જન શક્ય નથી! જૈવિક બાહ્ય વિશ્વમાં તો શક્તિનાં ઘણાં રુપ છે, અને એ આપણાં રોજિંદા જીવનનો હિસ્સો છે જ! પરંતુ ગુપ્ત નવરાત્રિમાં આપણા માનસમાં પનપતા ગુપ્ત ભાવ થકી પણ એક ભાવ વિશ્વનું નિર્માણ થાય છે, અને એ ભાવ જ તેની આંતરિક શક્તિ છે. આપણે એ રીતે ગુપ્ત નવરાત્રિમાં ગુપ્ત ભાવને શુદ્ધ કરી, આપણી ભાવ શક્તિને સમૃદ્ધ બનાવી શકીએ.

માનવી માટે આજે રૂપિયા પૈસા કમાવા એ એટલું મુશ્કેલ નથી! પરંતુ શાંતિ મેળવવી એ બહુ દુર્લભ છે! અને શાંતિ જ આપણાં આંતર ભાવ વિશ્વની સૌથી મહત્વની ગુપ્ત શક્તિ છે! અને એવું પણ નથી કે શાંતિ સંન્યાસી માટે સાવ સહેલી ઉપલબ્ધિ છે, તો સંસારી માટે તો ક્યાંથી હોય જ! મનુષ્ય સમાજિક પ્રાણી છે અને એની માટે શારિરીક જેમ માનસિક પોષણ પણ જરૂરી છે. શારિરીક પોષણ માટે એને આહાર ની જરૂર પડે અને આહાર દ્વારા જે શક્તિ ઉત્પન્ન થાય કે જેને સીધાસાદા શબ્દોમાં આપણે બળ કહીએ છીએ, અને એનાથી એ ક્રિયા, કાર્ય, અને કર્મ કરે! તેમજ શારીરિક વૃદ્ધિ પણ તેમાંથી થાય. એટલે કે શક્તિ બુદ્ધિ અને વિદ્યા, શક્તિનાં એ ત્રણે સ્વરૂપ શરીર માટે જરૂરી છે, પરંતુ પૂરતાં એશોઆરામ અને સંપૂર્ણ પણે પોષણ મળતું હોવા છતાં, એને જરૂરી પોષક ભાવ એટલે કે લાગણી મળે નહીં તો એ ખુશ રહી શકતો નથી, કોઈવાર મનોરોગી બની જાય, વિકૃત બને , મંદ બુદ્ધિ પણ બને! એટલે કે પાગલ થઇ શકે!

લાગણી કે પ્રેમનાં આ ભાવ એટલે કે દયા, મૈત્રી, પ્રિતી, ક્ષમા, અહિંસા, ભક્તિ અને કરૂણા અને શાંતિ, આ બધાં જ ભાવ મનુષ્યની આંતરિક તાકાત છે, અને જો એનું પૂરતું પોષણ થયું હોય તો જ, એની ભીતરી અવસ્થા ભાવથી ભીજાયેલી ભીની ભીની રહે! અને તો જ એમાં પ્રેમનું એવમ ભક્તિનું અંકુરણ ફટી શકે! અને તો જ આપણને પરમની પ્રાપ્તિ થાય! એકડા ને મીંડું કરીને ઘૂંટો કે અન્ય રીતે પણ મહત્વનો એકડો છે, એમ મનુષ્ય જીવનની સાર્થકતા આત્મ બોધ કે આત્મ દર્શનમાં સમાયેલી છે, આત્મ સાક્ષાત્કાર વગર બ્રહ્મ જ્ઞાન કે બ્રહ્મ બોધ મળી શકતો નથી. માનવીને સામાન્ય જીવનમાં નાની મોટી તકલીફોનો સામનો કરવો પડે છે, અને ક્યારેક વધુ તકલીફ આવે ત્યારે એ રડી પડે છે, તો ક્યારેક એ જ રીતે અન્યની તકલીફ પણ આંસુ આપી જાય છે, વેદના ના હોય કે સંવેદના નાં આ આંસુ એની ભીતરી ધરાને ભીની ભીની રાખે છે, અને એમાં હરિ નામ સ્મરણનું બીજ તરત અંકુરિત થઈ જાય! અને કોઈ બુદ્ધ પુરુષ કે સદગુરૂનાં ચરણ સેવ્યાં હોય તો, સત્ય, પ્રેમ અને કરૂણા ની ફસલ પણ પાકે છે. રામ એટલે સત્ય, કૃષ્ણ એટલે પ્રેમ અને કરૂણા એટલે શંકરનું શુદ્ધ સ્વરૂપ છે, અને આ ભાવ ત્રીવેણી સાધકના જીવનને સદા પવિત્ર રાખે છે. મૈત્રી વગર પ્રિતી થઈ શકે નહીં! અને રામચરિત માનસમાં વાનર રાજ સુગ્રીવ ભગવાન રામ સાથે મૈત્રી ભાવે જોડાયેલ છે! અને પરિણામ આપણે જાણીએ છીએ કે રાવણ કુળનો નાશ થાય છે. એ જ રીતે શ્રીકૃષ્ણ અને અર્જુન પણ સખા ભાવે જોડાયેલ છે, અને આપણે જાણીએ છીએ કે અર્જુન ગમે તેટલો મોટો ધનુર્ધર કેમ ન્હોય! કુરુક્ષેત્રનું યુદ્ધ શ્રીકૃષ્ણ વગર જીતવું શક્ય જ નહોતું! સુદામા અને કૃષ્ણ વચ્ચે પણ મૈત્રી હતી, અને એનું દારિદ્રય દૂર થયું. આખું જીવન પુરું થાય તોય શાંતિ મળતી નથી, એનું કારણ આ ગુપ્ત ભાવની ગેરહાજરી તો છે જ, પરંતુ બીજું કારણ ભીતરમાં સંઘરવા જોઈએ નહીં એવાં બીજાં કેટલાંય ભાવ નો ભરાવો છે! જેમ વસ્તુનો અપરિગ્રહ જરૂરી છે, એમ ઈર્ષા, નિંદા, ક્રોધ,લોભ લાલચ, રાગ દ્વેષ, હિંસા, વેર,બદલો, આગ્રહ નિગ્રહ અને દુરાગ્રહ કે પૂર્વ ગ્રહ આવાં નકામાં ભાવ આપણી શાશ્વત શાંતિને ડહોળી નાખે છે, અને જીવન જાણે ચૂલે ચડ્યું હોય એમ સતત તપતું રહે છે! જે આપણને તો દઝાડે જ છે, પણ નજીકનાં ને પણ દાઝવાનો ભય રહે છે એટલે કે ઉતારી પાડવું કે અત્યાચાર કરીને દાબમાં રાખવા કોશિશ કરવી! અને તેથી કોઈ નજીક આવતું નથી! ભીતરમાં અહિંસા અને કરૂણાનો ભાવ વધે નહીં, ત્યાં સુધી શાંતિ અનુભવી શકાતી નથી! તો આ અષાઢ નવરાત્રી એ ભીતરી ધરાને, સદા લીલીછમ્મ રાખતાં સત્ય, પ્રેમ, અને કરૂણાની ત્રીવેણી વહેતી રહે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# હું ઠીક છું, મને CJP વિરોધ પ્રદર્શનમાં જવા દો

## સોનમ વાંગચુકે સફદરજંગ હોસ્પિટલને પત્ર લખ્યો



નવીદિલ્હી, તા.૨૦

સોમવાર, ૨૦ જુલાઈના રોજ કાર્યકર્તા સોનમ વાંગચુકે સફદરજંગ હોસ્પિટલના અધિકારીઓને એક પત્ર લખ્યો. તેમણે જણાવ્યું કે તેઓ સ્વસ્થ છે. તેમણે કોકરોચ જનતા પાર્ટી (ઈઉંઙ) ની સંસદ તરફની ''સાંસદ ચલો'' કૂચમાં જોડાઈ શકે તે માટે થોડા સમય માટે હોસ્પિટલ છોડવાની પરવાનગી માંગી. વાંગચુકે લખ્યું, ''હું તમને જણાવવા માંગુ છું કે આજે હું ખૂબ જ સ્વસ્થ છું અને મારા સ્વાસ્થ્યના પરિમાણો એકદમ સામાન્ય છે. તેથી, હું તમને વિનંતી કરું છું કે મને હોસ્પિટલ છોડવાની મંજૂરી આપો, ભલે થોડા સમય માટે જ હોય, જેથી હું આજે સવારે સંસદ તરફની ''સાંસદ ચલો'' કૂચમાં જોડાઈ શકું.'' તેમણે ઉમેર્યું, ''હું તમારો ખૂબ આભારી રહીશ.'' સોશિયલ મીડિયા પર પત્ર શેર કરતા તેમણે પ્રશ્ન કર્યો કે જો પોલીસ કહે છે કે તેમને અટકાયતમાં લેવામાં આવ્યા નથી તો તેમણે કાર્યકર્તાની હિલચાલ પર પ્રતિબંધ કેમ મૂક્યો છે. તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર એક સંદેશમાં લખ્યું હતું કે, ''સોનમ વાંગચુક તમને બધાને મળવા માટે ખૂબ જ પ્રયાસ કરી રહ્યા છે. તેમણે હમણાં જ હોસ્પિટલને એક પત્ર સુપરત કર્યો છે કારણ કે તેમની તબિયત સારી છે અને દાવો કરે છે કે તેઓ કસ્ટડીમાં નથી. તો શા માટે રોક?''

સફદરજંગ હોસ્પિટલના અધિકારીઓએ વાંગચુકના મહત્વપૂર્ણ પરિમાણો સ્થિર હોવાનું જણાવતા તબીબી અપડેટ આપ્યાના થોડા સમય પછી આ પત્ર આવ્યો હતો, જ્યારે તેમના લોહીના પરિમાણોને નજીકથી ક્લિનિકલ દેખરેખની જરૂર છે. નવીનતમ આરોગ્ય બુલેટિનમાં જણાવાયું હતું કે, ''સોનમ વાંગચુકને ટખખઈ અને સફદરજંગ હોસ્પિટલમાં સંપૂર્ણ તબીબી સંભાળ મળી રહી છે. તેમના મહત્વપૂર્ણ તબીબી પરિમાણો સ્થિર છે. તેમના લોહીના પરિમાણોને નજીકથી ક્લિનિકલ દેખરેખની જરૂર છે. વાંગચુક સતત તબીબી દેખરેખ હેઠળ છે અને નિષ્ણાતોની બહુ-શાખાકીય ટીમ દ્વારા નજીકથી દેખરેખ હેઠળ છે.'' સરકારી હોસ્પિટલમાં વાંગચુકના સતત રોકાણ અંગે ચાલી રહેલા મડાગાંઠ વચ્ચે પણ આ પત્ર આવ્યો છે.

તેમની પત્ની ગીતાંજલી જે. એંગ્મોએ આરોપ લગાવ્યો છે કે પરિવારના સભ્યોને પણ કાર્યકર્તાને મળવાની મંજૂરી નથી. તેમનો દાવો છે કે તેમને પોલીસ કસ્ટડી જેવા પ્રતિબંધો હેઠળ રાખવામાં આવી રહ્યા છે. કાર્યકર્તા સોનમ વાંગચુકે સફદરજંગ હોસ્પિટલને પત્ર લખીને 'સાંસદ ચલો' માર્ચમાં ભાગ લેવા માટે જવાની પરવાનગી માંગી છે.

તેમણે તેમના સ્વાસ્થ્યને સામાન્ય ગણાવ્યું અને પૂછ્યું કે તેમને કેમ અટકાયતમાં લેવામાં આવી રહ્યા નથી, તો તેમની હિલચાલ પર પ્રતિબંધ કેમ છે?

જર જમીન ને જોરૂ કજીયાના છોરૂઃ જમીનના રૂપિયાના ભાગ મામલે લોહી રેડાયું

# રાજકોટમાં ભત્રીજાના હાથે બે કાકાની કરણીણ હત્યા

## સોમનાથ સોસાયટીમાં ડબલ મર્ડરની ઘટનાથી ધોળકીયા-ભરવાડ પરિવારોમાં કાળો કલ્પાંતઃ હત્યા કરનાર વૈશાલીનગરનો હાર્દિક પણ ગંભીર રીતે ઘાયલઃ તેણે હુમલાખોરની છરી ઝુંટવી વળતો પ્રહાર કરતાં બે કાકાનો જીવ ગયો








રાજકોટ,તા.૨૦

જર જમીન ને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ આ કહેવત રાજકોટમાં કરૂણ રીતે સાચી પડી છે. જમીનના રૂપિયાના ભાગ મામલે લાંબા સમયથી વૈશાલીનગર અને રૈયાધાર-સોમનાથ સોસાયટીમાં રહેતાં કુટુંબી કાકા-ભત્રીજા વચ્ચે ચાલી રહેલી માથાકુટમાં ભત્રીજાના હાથે બે કુટુંબી કાકા એવા સગા ભાઇઓની હત્યા થઇ ગઇ છે. સોમનાથ સોસાયટીમાં રાતે ખેલાયેલા ધીંગાણામાં ડબલ મર્ડર કરનાર ભત્રીજો પણ ગંભીર રીતે ઘાયલ થતાં તેને પણ સારવાર માટે દાખલ કરાયો હતો. યુનિવર્સિટી પોલીસે સામ સામે ગુના દાખલ કર્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં ડબલ મર્ડરની એક ઘટના બનતાં ખળભળાટ મચી ગયો છે. મોડી રાતે એકાદ વાગ્યે રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાછળ સોમનાથ-૨ સોસાયટીમાં રહેતા ભરવાડ યુવાન રાજેશભાઇ બાલાભાઇ ધોળકીયાના ઘરે વૈશાલીનગરમાંથી તેનો કુટુંબી ભત્રીજો હાર્દિક ધુળાભાઇ ધોળકીયા આવી ગાળાગાળી કરતો હોઇ રાજેશભાઇએ ફોન કરી રૈયાધાર બંસીધર પાર્કમાંથી પોતાના મોટા ભાઇ સુરેશભાઇ બાલાભાઇ ધોળકીયા અને ભત્રીજા લાખાભાઇ સુરેશભાઇ ધોળકીયાને બોલાવતાં આ ત્રણેયએ સાથે મળી તેમજ બીજા સગાએ હાર્દિકને ગાળો નહિ બોલવા અને માથાકુટ નહિ કરવા સમજાવતાં હાર્દિક નેફામાંથી છરી કાઢી સુરેશભાઇ પર તૂટી પડ્યો હતો અને છાતીમાં એક ઘા મારતાં તે ઢળી પડ્યા હતાં.

બાદમાં રાજેશભાઇ અને લાખાભાઇને પણ ઇજા પહોંચાડી હતી. વળતા હુમલામાં હાર્દિક પણ ઘાયલ થયો હતો. ખાનગી હોસ્પિટલમાં સુરેશભાઇનો મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થતાં કલ્પાંત સર્જાયો હતો. તેના ભાઇ રાજેશભાઇ ગંભીર હાલતમાં દાખલ હતાં તેમનું પણ સવારે મૃત્યુ થતાં ઘટના ડબલ મર્ડરમાં પરિણમી હતી. સામે પક્ષે હાર્દિક પણ ગંભીર ઇજાઓ સાથે સારવારમાં છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે સામ-સામે હત્યા અને હત્યાની કોશિષના ગુના દાખલ કર્યા છે. હત્યાના બનાવમાં પોલીસે રૈયાધાર બંસીધર પાર્ક શેરી નં. ૧ પાણીના ટાંકા પાછળ રહેતાં લાખાભાઇ સુરેશભાઇ ધોળકીયા નામના ચોવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી હાર્દિક ધુળાભાઇ ધોળકીયા સામે ગુનો નોંધ્યો હતો. લાખાભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવારમાં મારા પિતા પંચાવન વર્ષના સુરેશભાઇ બાલાભાઇ ધોળકીયા, માતા લીલુબેન, મારા પત્નિ ભુમિબેન અને ભાઇ વિજયભાઇ સાથે રહુ છું અને કુવાડવા રોડ પર શીવ શક્તિ આટાની ચક્કી ચલાવી ગુજરાન ચલાવુ છું.

તેણે વધુમાં કહ્યું કે રાતે એકાદ વાગ્યે હું અને મારા પિતાજી સુરેશભાઇ ઘરે હતાં ત્યારે મારા કાકા રાજેશભાઇ ધોળકીયાનો ફોન મારા પિતાના ફોનમાં આવ્યો હતો અને કહ્યું હતું કે આપણો કુટુંબી ભત્રીજો-સંબંધી હાર્દિક ધોળકીયા મારા ઘર પાસે આવી ગાળાગાળી કરે છે તમે ઝડપથી આવો. આથી હું અને મારા પિતા સુરેશભાઇ તુરત જ અમારી હુન્ડાઇ કારમાં મારા કાકા રાજેશભાઇ બાલાભાઇ ધોળકીયા કે જેઓ રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાછળ સોમનાથ-૨ શેરી નં. ૪ના ખુણે રાધીડા ડેરી સામેના રોડ પર રહે છે તેમની ઘરે ગયા હતાં. અમે ત્યાં પહોંચ્યા ત્યારે મારા કાકા રાજેશભાઇ, હનુભાઇ નાજાભાઇ, શીવાભાઇ નથુભાઇ ડોંડા હાજર હતાં. સામે હાર્દિક ઉભો હતો અને ગાળો બોલતો હતો. જેથી મારા હનુકાકાએ તેને સમજાવવા માટે તેની નજીક જતાં તે વધુ ઉશ્કેરાઇ ગયો હતો અને વધુ ગાળો દેવા માંડ્યો હતો.

આથી મેં અને મારા કાકા રાજેશભાઇ અમે બંનેએ તેમના ઘર આગળ પડેલ લોખંડના પાઇપ લઇ લીધા હતાં. આ પછી પણ હું, મારા પિતા સુરેશભાઇ અને કાકા રાજેશભાઇ એમ ત્રણેય સાથે મળીને હાર્દિકને ગાળો નહિ બોલવા સમજાવ્યો હતો અને માથાકુટ ન કરવા પણ કહ્યું હતું. આ વખતે હાર્દિકે-અમારો ભાગ કેમ આપતાં નથી તેમ કહી પોતાના પડખામાંથી છરી કાઢી હતી અને મારા પિતા સુરેશભાઇને છાતીના ભાગે એક જોરદાર ઘા મારી દીધો હતો જેના કારણે તેઓ ત્યાં જ ઢળી પડ્યા હતાં. મારા કાકા રાજેશભાઇ વચ્ચે પડતાં હાર્દિકે તેમને પણ છાતીના ભાગે, પેટની નીચે તેમજ હાથ, શરીરના અલગ અલગ ભાગોમાં ઘા મારી દીધા હતાં. તેથી મારા કાકા પણ પડી ગયા હતાં.

આ પછી હું મારા પિતા, કાકાને બચાવવા વચ્ચે પડતાં હાર્દિકે મને પણ છરીથી વાંસા, ડાબા હાથના ભાગે અને જમણા હાથની હથેળીમાં ઇજા પહોંચાડી દીધી હતી. આ વખતે હાર્દિકને પણ મારામારીમાં ઇજા થઇ હતી. મારા પિતા સુરેશભાઇ અને કાકા રાજેશભાઇ લોહીથી લથબથ થઇ નીચે પડ્યા હોઇ હું, હનુકાકા, શીવાભાઇ સહિતના બંનેને અમારી કારમાં નાંખી રૈયા ચોકડી નજીક સેલસ હોસ્પિટલ ખાતે લઇ ગયા હતાં. અહિ મારા પિતાજીને ડોક્ટરે મૃત જાહેર કર્યા હતાં. જ્યારે મારા કાકા રાજેશભાઇને ગંભીર હાલતમાં દાખલ કર્યા હતાં. મને પ્રાથમિક સારવાર અપાઇ હતી. સવારે સારવાર દરમિયાન પાંત્રીસ વર્ષના કાકા રાજેશભાઇ બાલાભાઇ ધોળકીયાનું પણ મૃત્યુ થતાં આ ઘટના ડબલ મર્ડરમાં પરિણમી હતી. આ હત્યાનું કારણ જણાવતાં વધુમાં લાખાભાઇ ધોળકીયાએ કહ્યું હતું કે-મારા પિતા સુરેશભાઇ અને કાકા રાજેશભાઇ સાથે હાર્દિક ધોળકીયાને કૌટુંબીક ભાગ બાબતે મનદુઃખ ચાલતું હોઇ મારા પિતા અને કાકાને હાર્દિક ફોનમાં ગાળાગાળી કરતો હતો.

દરમિયાન મોડી રાતે એક વાગ્યે હાર્દિક મારી નાંખવાના ઇરાદા સાથે મારા કાકા રાજેશભાઇના ઘરે છરી લઇને આવ્યો હતો. જેની જાણ થતાં હું અને મારા પિતા સુરેશભાઇ પણ અહિ કાકાના ઘરે પહોંચ્યા હતાં. ત્યારે હાર્દિકે ઉશ્કેરાઇ જઇ છરીથી હુમલો કર્યો હતો. જેમાં મારા પિતાને છરીમાં લાગેલો એક જ ઘા જીવલેણ નીવડ્યો હતો. મારા કાકાને ગંભીર ઇજા થતાં તે સારવાર હેઠળ છે. પીઆઇ સી. એન. દવેની રાહબરીમાં પીએસઆઇ આઇ. એ. બેલીમ, સુભાષભાઇ, અક્ષયભાઇ સહિતે ગુનો નોંધ્યો હતો.

સામા પક્ષે હત્યાનો આરોપી વૈશાલીનગર-૪માં રહેતો સત્યાવીસ વર્ષિય હાર્દિકભાઇ ધુળાભાઇ ધોળકીયા પણ ઇજાઓ સાથે મધુરમ્ હોસ્પિટલમાં દાખલ થતાં પોલીસે હાર્દિકની ફરિયાદ પરથી હત્યાનો ભોગ બનેલા સુરેશભાઇ ઉર્ફે સુરાભાઇ બાલાભાઇ ધોળકીયા, તેના પુત્ર લાખાભાઇ ધોળકીયા, નાના ભાઇ રાજેશભાઇ બાલાભાઇ ધોળકીયા અને શીવા નથુભાઇ ડોડા વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો છે. જેમાં હાર્દિકભાઇએ જુની જમીનના પૈસા બાબતે જુની અદાવત ચાલતી હોઇ તેના કારણે આ લોકોએ મારી નાખવાની ધમકી આપી ગાળો દઇ છરી, લોખંડના પાઇપથી હુમલો કરી માથા, મોઢા પર અને શરીર પર ગંભીર ઇજાઓ પહોંચાડી હતી.

હાર્દિકભાઇએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે હું મારા પત્નિ તથા મારા મોટાભાઇ મયુરભાઇ તથા તેમના પત્નિ તથા માતા-પિતા એમ સંયુકત કુટુંબમા રહીએ છીએ અને મારે સંતાનમાં ત્રણ દિકરી છે અને મારા પિતા ધુળાભાઇ વિહાભાઇ ધોળકીયા છે, મારા દાદા વિહાભાઇ કાનાભાઇ ધોળકીયા જે આશરે બે વર્ષ પહેલા અવસાન પામેલ છે. મારા દાદા વિહાભાઈની જમીન સાધુવાસવાણી રોડ ધોળકીયા સ્કુલની બાજુમા એક ખુલ્લો પ્લોટ રૂપે આશરે ચાર થી પાંચ હજાર વારની હતી. તે અંગે મારા દાદાએ અમોને વાત કરેલ કે આ આપણો પ્લોટ છે અને વર્ષોથી આપણી પાસે છે અને ત્યાં આપણા કુટુંબી મોટાબાપુ સુરાભાઈ ઉર્ફે સુરેશભાઇ બાલાભાઈ ધોળકીયાને પ્લોટનુ ધ્યાન રાખવા માટે રાખ્યા છે. આ વાત મારા દાદાએ તથા મારા પિતાએ અમોને જણાવી હતી. આ પછી સુરાભાઈ બાલાભાઇ ધોળકીયાએ આ પ્લોટનુ વેચા ણ દિલીપ શેઠને કરી નાખેલ હતુ અને આ પ્લોટના પૈસા અમોને આ સુરાભાઇ બાલાભાઇ ધોળકીયાએ આપવાના છે તેવી વાત અમારા દાદાની હયાતીમા થયેલ હતી અને જે પૈસાનો વિવાદ આશરે છેલ્લા અઢી વર્ષથી ચાલુ છે.

દરમિયાન રવિવારે રાતે સાડા અગિયાર વાગ્યા આસપાસ બાપાસિતારામ ચોક રૈયારોડ જયા મારી બેઠક હોઇ હું ત્યાં ગયેલ અને ત્યાં મારા કોઇ મિત્રો હાજર ન હોઇ જેથી હું મારા ઘર તરફ જવા નીકળેલ ત્યારે રાત્રીના આશરે સાડાબાર વાગ્યાનો સમય થયો હોઇ હું મારૂ એકસેસ લઈ સોમનાથ સોસાયટી પાસેથી પસાર થતો હતો. ત્યારે ત્યાં એક સફેદ વેન્યુ કારમા કુટુંબી મોટાબાપુ સુરેશભાઇ ઉર્ફે સુરાભાઇ બાલાભાઇ ધોળકીયા તથા લાખાભાઇ સુરેશભાઇ ધોળકીયા તથા રાજેશભાઈ બાલાભાઇ ધોળકીયા તથા શિવા નથુભાઇ ડોંડા તથા અજાણ્યા લોકો હાજર હતાં. જેથી હું હનુભાઇ ધોળકીયા પાસે ઉભો રહેલ ત્યારે હનુભાઇએ કહેલ કે તું અહિંથી ઘરે જતો રહે જેથી હું ઘરે જવા નીકળતો હતો.

તે દરમ્યાન રાજેશભાઈ બાલાભાઈ ધોળકીયા મારી સાથે બોલાચાલી કરવા લાગેલ અને પ્લોટના કોઈ પૈસા તમને દેવાના થતા નથી તેમ કહી રાજેશભાઇએ મને પાઇપ વડે મને માથાના ભાગે ઘા મારી દીધા હતાં. બાદમા શિવા ડોડો ત્યાં આવેલ અને તેણે પણ મને માથામા પાઇપ મારેલ. બાદ લાખા સુરેશભાઇ ધોળકીયા પાસે છરી હોઇ જે છરી વડે મને છાતીના ભાગે ઘા માર્યો હતો. બાદ સુરેશ બાલાભાઇ ધોળકીયા દ્વારા મને માથામા પાઇપ મારતા હું નીચે પડી ગયેલ તેમજ મારૂ એકસેસ પણ પડી ગયેલ હતું. બાદમા આ તમામ ભેગા થઈ મને આડાઅવડા પાઇપ તેમજ છરી વડે ઘા મારવા લાગેલ અને બાદમા મે લાખા પાસેથી છરી ઝુંટવી લઈ હું પણ આ ચારેયને આડેધડ છરીના તેમજ છરી વડે ઘા મારવા લાગેલ અને બાદમા મે લાખા પાસેથી છરી ઝુંટવી લઈ મેં પણ આ ચારેયને આડેધડ છરીના ઘા મારેલ હતા.

જેમાંથી કોને શું ઇજા થયેલ તે મને ખબર નથી. મને પણ ઇજા થઇ હોઇ જેથી પડી ગયેલ હતો અને બાદમા ત્યાં અજાણ્યા માણસો તથા હનુભાઇ દ્વારા મને છોડાવાયો હતો. આ પછી હું ત્યાંથી થોડો દુર ચાલીને ગયેલ અને ત્યાં મ દદ માટે કોઈ મકાનનો દરવાજો મે ખખડાવેલ પરંતુ કોઇએ દરવાજો ખોલેલ નહિં અને હું ત્યાં જ નીચે પડી ગયેલ હતો. બાદમા મારા ભાઇના સાળા અનિલભાઇ ખેંગારભાઇ ત્યાં આવેલ અને તેઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ તેમ જ મારા ભાઈ મયુરભાઈ ધુળાભાઇ ધોળકીયાને જાણ કરતાં મને સારવાર અર્થે પ્રથમ સરકારી હોસ્પીટલ રાજકોટ ખાતે લઈ ગયા હતાં.

ત્યાં મારા મોટાભાઈ મયુરભાઇ આવી જતાં મને વધુ સારવાર માટે મધુરમ હોસ્પીટલ ઢેબર રોડ ખાતે લાવેલ હતાં અને ત્યાં ઇમરજન્સી વોર્ડમા મારી સારવાર ચાલુ કરહી હતી. મને હુમલામાં ડાબીબાજુ માથાના ભાગે આશરે ત્રણ ઇંચનો ઘા તેમજ માથામા વચ્ચેના ભાગે આશરે ચાર ઇંચનો ઘા તેમજ ડાબા કાનની બુટથી ગળાના ભાગ સુધી આશરે છ ઇંચનો ઘા તેમજ ડાબી સાઇડમા કપાળથી હોઠ સુધી કાપો પડ્યો છે. તેમજ જમણા કાન તથા માથાના ભાગે મુંઢ ઇજા તેમજ ડાબી બાજુ છાતીના ભાગે તથા પેટમા વચ્ચેના ભાગે કાપા પડેલ છે, તેમજ ડાબા હાથમા કોણીથી નીચેના ભાગે તેમજ પીઠના ભાગે ડાબીબાજુ તથા વચ્ચેના ભાગે ઇજા થયેલ તેમજ જમણા હાથના પંજા ઉપર મુંઢ ઇજા થયેલ તેમજ જમણા પગમા ગોઠણથી નીચેના ભાગે તેમજ શરીરના ભાગે નાની મોટી મુંઢ ઇજા ઓ પહોંચાડી છે.

તેમજ આ ચારેય જણા મળીને મને જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો આપેલ તેમજ કહેતા હતા કે-આજે તારૂ ઢીમઢાળી દેવુ છે. અમારી જુની જમીનના પૈસા બાબતે જુની અદાવતનો ઝઘડો ચાલતો હોઇ જેનો મારી ઉપર ખાર રાખી છરી તથા લોખંડના પાઇપ વડે મને મારી નાંખવાના ઇરાદે હુમલો કરાયો હતો. તેમ વધુમાં હાર્દિકભાઇ ધોળકીયાએ જણાવતાં પીએસઆઇ આઇ. એ. બેલીમે ગુનો દાખલ કર્યો હતો. આમ જમીનના રૂપિયાના ભાગ મામલે ચાલતી અદાવતમાં બે સગા ભાઇઓની તેના જ કુટુંબી ભત્રીજાના હાથે લોથ ઢળી જતાં ધોળકીયા પરિવારોમાં કલ્પાંત સર્જાયો હતો.

# ડ્રગ્સ માફિયાની કમ્મર તોડતી પોલીસ : સંઘવી

## તપાસ અધિકારીઓના માર્ગદર્શન માટે તૈયાર કરાયેલી NDPS હેન્ડબુકનું વિમોચન : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ભરૂચના દહેજ ખાતે રૂ.૨૧૫૩ કરોડના ડ્રગ્સનો નાશ કરાયો

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પનશા-મુક્ત ગુજરાતથના સંકલ્પને વધુ દ્રઢ બનાવવાના ભાગરૂપે, રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ભરૂચના દહેજ ખાતે પએન્વાયરો ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડથ દ્વારા આયોજિત ડ્રગ્સ નાબૂદી કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી તથા ડ્રગ્સ નિકાલ કમિટીના સભ્યોએ ડ્રગ્સના જથ્થાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી વિગતો મેળવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પડ્રગ્સ-ફ્રી ઇન્ડિયાથના આહ્વાન અને પઝીરો ટોલરન્સથની નીતિ અંતર્ગત વૈજ્ઞાનિક પદ્ધતિથી આ તમામ નાર્કોટિક્સ જથ્થાનો બિનહાનિકારક નાશ કરવામાં આવ્યો હતો. આ જ સ્થળેથી નાયબ મુખ્યમંત્રીએ લાકડીયા (ભચાઉ) ખાતે યોજાયેલા નાર્કોટિક્સ જથ્થાના નાશ કાર્યક્રમનો પણ ઓનલાઇન પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના ૨૪ એકમો દ્વારા કુલ ૮૬૭ ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલ રૂ.૨૧૫૩ કરોડની કિંમતનો નાર્કોટિક્સ જથ્થો (૧૩,૨૪૯.૧૨૭ કિલોગ્રામ ડ્રગ્સ અને ૫,૭૧,૦૨૮ બોટલો) નાશ કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહીમાં ભરૂચ, નર્મદા, સુરત ગ્રામ્ય, સુરત શહેર, નવસારી, તાપી-વ્યારા, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, ડાંગ-આહવા, વલસાડ, વડોદરા ગ્રામ્ય, વડોદરા શહેર, આણંદ, ખેડા-નડિયાદ, પશ્ચિમ રેલવે (વડોદરા અને અમદાવાદ), અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા સહિત સી.આઈ.ડી. ક્રાઇમ (CID Crime) અને એ.ટી.એસ. (ATS) ની ટીમની કામગીરી આવરી લેવાઈ હતી. ત્યારબાદ GACL કંપની (દહેજ) ખાતે એન.ડી.પી.એસ. (NDPS) હેન્ડબુકના વિમોચનનો આયોજિત કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત પોલીસની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા તૈયાર કરાયેલી આ હેન્ડબુકનો મુખ્ય હેતુ તપાસ અધિકારીઓને સુદ્રઢ માર્ગદર્શન પૂરું પાડવાનો અને કાયદાનું કડક અમલીકરણ કરવાનો છે. આ ઉપરાંત, પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા પડ્રગ મુક્ત ગુજરાતથ જાગૃતિ વીડિયો અને વ્યસનમુક્ત થયેલા પીડિતોના પ્રતિભાવો દર્શાવતી લઘુફિલ્મ તથા વિશેષ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસ વિભાગને અભિનંદન આપતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં સમાજનું સૌથી મોટું દૂષણ ડ્રગ્સ છે. આ દૂષણ સામે ગુજરાત પોલીસ જે પ્રકારે જંગ લડી રહી છે તે ખરેખર વંદનીય છે. દરિયાના તેજ મોજાંઓ વચ્ચે, ભારત-પાકિસ્તાનની સરહદો પર અને અન્ય રાજ્યોમાં ફેલાયેલી ગુનેગારોની પમોડસ ઓપરેન્ડીથ તોડવામાં ગુજરાત પોલીસે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. ગુજરાત પોલીસે ડ્રગ્સ માફિયાઓ અને કાર્ટેલ સામે મજબૂત કાર્યવાહી કરીને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખી છે. છેલ્લા દોઢ વર્ષથી આ અભિયાનને એક જંગની જેમ લડીને હજારો કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં ડ્રગ્સ સંબંધિત કેસોમાં કન્વિક્શન રેશિયો ૬૫% ની આસપાસ છે, જે કાયદાકીય મજબૂતાઈ દર્શાવે છે. આગામી દિવસોમાં ડ્રગ્સના નેટવર્ક સાથે જોડાયેલા લોકો સામે કોઈ પણ કાયદાકીય છટકબારી ન રહે તે રીતે કડકમાં કડક પગલાં લેવામાં આવશે. પોલીસના માનવીય અભિગમની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે, ડ્રગ્સ વેચનારાઓ પકડાય ત્યારે તેમની પાસેથી મળતી માહિતીના આધારે આ દૂષણમાં ફસાયેલા યુવાનો અને તેમના પરિવારજનોનું કાઉન્સેલિંગ કરી તેમને સાચી દિશા આપવાનું સરાહનીય કાર્ય પણ પોલીસ કરી રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ રાજયના નાગરિકો અને સામાજિક સંસ્થાઓને અપીલ કરતા કહ્યું કે, પોલીસની કડક કાર્યવાહીની સાથે સાથે જ્યારે સમગ્ર સમાજ અને નાગરિકો આ લડતમાં જોડાશે, ત્યારે જ પડ્રગ્સ મુક્ત ગુજરાતથનો સંકલ્પ સંપૂર્ણપણે સાકાર થશે. રાજ્ય સરકારની પ ડ્રગ્સ રિવોર્ડ પોલિસીથ હેઠળ, જુદા જુદા ૨૧ મોટા કેસોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૨૭૮ પોલીસ જવાનોને ₹૫૯.૪૨ લાખની ઇનામી રકમ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મતી ડિમ્પલબેન રાજ, ધારાસભ્યો સર્વ અરૂણસિંહ રણા, રમેશ મિસ્ત્રી, રીતેશ વસાવા, ડી. કે. સ્વામી, રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિક, CID ક્રાઈમના ડો. કે. એલ. રાવ, વડોદરા રેન્જ IG સંદીપ સિંહ, CID ક્રાઈમના IGP ગૌતમ પરમાર, જિલ્લા કલેક્ટર ડો. નવનાથ ગવ્હાણે, DDO યોગેશ કાપસે સહિત પોલીસ વિભાગ, વહીવટી તંત્ર અને GACL કંપનીના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.



**કાનૂન કે હાથ સચ મેં બહુત લંબે હોતે હૈઃ વધુ બે ફરાર આરોપી પકડાયા**

# ત્રીસ વર્ષ પહેલા બાઈક ચોરનાર ઝડપાયો

## પોતાના જ શેઠનું વાહન ચોરી ભાગી ગયો હતોઃ બીજી તરફ હનીટ્રેપમાં દોઢ વર્ષથી ફરાર શખ્સ પણ પકડાયો

રાજકોટ, તા. ૨૦

પોલીસ માત્ર ફિલ્મોમાં જ કામ કરે એવુ નથી, હકિકતમાં પણ કાનૂન કે હાથ લં...બે હોતે હૈ એ ડાયલોગને સાચો પાડતી હોય છે. રાજ્યભરની પોલીસ દ્વારા જુના ગુનાઓમાં ફરાર આરોપીઓને વીણી વીણીને શોધી કાઢવાની ઝુંબેશ ચાલી રહી છે. તાજેતરમાં રાજકોટ પોલીસે આવા બે આરોપીઓ જે પંદર અને વીસ વર્ષથી ફરાર હતાં તેને શોધી કાઢ્યા હતાં. ત્યાં હવે વધુ એક એવો આરોપી પકડાયો છે જે સતત અઠ્ઠાવીસ વર્ષથી એટલે ત્રણ દાયકાથી ફરાર હતો. આ શખ્સ ઉપર તેના જ શેઠનું બાઇક ચોરી કરીને ભાગી જવાનો આરોપ હતો. પોલીસ તેના સુધી અઠ્ઠાવીસ વર્ષ પછી પહોંચતા તે પણ હક્કોબક્કો થઇ ગયો હતો. તો બીજી તરફ હનીટ્રેપ કરી મિત્રના જ લાખો પડાવી લેનારાને સોળ મહિના બાદ પકડી લેવાયો હતો.

પ્રથમ કામગીરીની વિગતો જોઇએ તો ક્રાઇમ બ્રાંચ ૧૯૯૮થી એટલે કે છેલ્લા અઠ્ઠાવીસ વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપી લાલસીંગ તુલારામ નીસાદને દિલ્હી ખાતેથી ઝડપી પાડ્યો હતો. આ આરોપી સામે ૧૯૯૮માં ઉધના પોલીસ સ્ટેશનમાં હીરો હોન્ડા મોટરસાયકલની ચોરી કરવાનો કેસ નોંધાયો હતો. આરોપી પોતાની ધરપકડ ટાળવા માટે છેલ્લા અઠ્ઠાવીસ વર્ષથી અલગ-અલગ વિસ્તારોમાં પોતાની ઓળખ છુપાવીને દિલ્હીમાં આશરો લઈ રહ્યો હતો, જેને ક્રાઈમ બ્રાંચની આર્મ્સ સ્કોડે બાતમીના આધારે દિલ્હીમાં ત્રણ દિવસની મહેનત બાદ પકડી લીધો હતો. સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ ભૂતકાળના ગંભીર ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા માટે સુરત શહેર ક્રાઈમ બ્રાંચની અલગ-અલગ ટીમો સતત કાર્યરત છે.

આ અંતર્ગત ક્રાઈમ બ્રાંચના આર્મ્સ સ્કોડના પોલીસ અધિકારીઓ અને જવાનોને એક અત્યંત મહત્વપૂર્ણ અને આધારભૂત બાતમી હકીકત મળી હતી કે વર્ષ ૧૯૯૮ની સાલમાં સુરતના ઉધના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરી-નોકર ચોરીના ગુનામાં સંડોવાયેલ એક રીઢો આરોપી કાયદાના સિકંજાથી બચવા માટે દેશની રાજધાની દિલ્હી ખાતે છુપાઈને રહી રહ્યો છે અને ત્યાં નાની-મોટી મજૂરી કે અન્ય કામ કરીને પોતાની આજીવિકા ચલાવી રહ્યો છે. આ બાતમી મળતા જ પોલીસ તંત્ર તુરંત એક્શન મોડમાં આવ્યું હતું.

પોલીસને મળેલી સચોટ બાતમીના આધારે સુરત શહેર ક્રાઈમ બ્રાંચની એક ખાસ પ્રશિક્ષિત ટીમ તાત્કાલિક અસરે દિલ્હી જવા રવાના કરવામાં આવી હતી. દિલ્હી જેવા ગીચ અને વિશાળ મહાનગરમાં આરોપીને શોધવો એ એક મોટો પડકાર હતો. પરંતુ, પોલીસ ટીમે હિંમત હાર્યા વગર સ્થાનિક સ્તરે ટેકનિકલ



સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આરોપીના ચોક્કસ રહેઠાણ અને અવરજવર વાળા વિસ્તારની ઓળખ કરી હતી. ક્રાઈમ બ્રાંચની ટીમે દિલ્હીમાં સતત ૩ દિવસ સુધી પોતાની ઓળખ છુપાવીને અત્યંત ગુપ્ત ઓપરેશન હાથ ધર્યું હતું. અંતે યોગ્ય તક મળતા જ વોન્ટેડ આરોપી લાલસીંગ તુલારામ નીસાદને કોર્ડન કરીને સફળતાપૂર્વક ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલસના કહેવા મુજબ આરોપીનું નામ લાલસીંગ તુલારામ નીસાદ છે અને હાલ તેની ઉંમર આશરે તેતાલીસ વર્ષની છે. તે મૂળ ઉત્તર પ્રદેશના ઔરૈયા જિલ્લાના જોરા ગામનો વતની છે. વર્ષ ૧૯૯૮માં જ્યારે તેણે આ ગુનાને અંજામ આપ્યો ત્યારે તેની ઉંમર ખૂબ જ નાની હતી. ગુનો કર્યા બાદ તે સુરત છોડીને ભાગી ગયો હતો અને પોતાના વતન જવાના બદલે દિલ્હીમાં જઈને વસી ગયો હતો જેથી પોલીસ ક્યારેય તેના સુધી પહોંચી ન શકે. તે દિલ્હીના જુદા જુદા વિસ્તારોમાં ભાડાના મકાનો બદલીને રહેતો હતો જેથી કોઈને તેના ગુનાહિત ભૂતકાળની ખબર ન પડે. આરોપી લાલસીંગ નીસાદ સુરતમાં લૂમ્સના કારખાનામાં મજૂરી કામ કરતો હતો. આ કેસના ફરિયાદી ઓમનારાયણ ઉમાશંકર તિવારીના લૂમ્સ બનાવવાના મશીન પર આરોપી છેલ્લા ૪ વર્ષથી અત્યંત વિશ્વાસુ બનીને મજૂરી કામ કરતો હતો.

પરંતુ બાદમાં ૧૯૯૮ની સાલમાં આરોપીની દાનત બગડી હતી અને તેણે ફરિયાદીના કબ્જા ભોગવટાની કિંમતી હીરો હોન્ડા મોટરસાયકલની ચોરી કરી લીધી હતી. પોતાના જ શેઠનો ભરોસો તોડીને મોટરસાયકલ ચોરી આરોપી રાતોરાત સુરત શહેરથી નાસી છૂટ્યો હતો. આ અંગે ફરિયાદી ઓમનારાયણ તિવારીએ ઉધના પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. વર્ષ ૧૯૯૮માં ઉધના પોલીસ સ્ટેશનમાં નોકર ચોરી અથવા વિશ્વાસઘાત પૂર્વક ચોરી મુજબ ગુનો નોંધાયા બાદ તત્કાલીન પોલીસે આરોપીને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. પરંતુ પોલીસ તપાસ દરમિયાન આરોપી લાલસીંગ તુલારામ નીસાદ તેના રહેણાંક કે સંભવિત આશ્રયસ્થાનો પર મળી આવ્યો ન હતો. આરોપી સતત નાસતો-ફરતો રહેતો હોવાથી અને કાયદાની પ્રક્રિયામાં સહકાર ન આપતો હોવાથીકોર્ટ દ્વારા તેની વિરુદ્ધ સી.આર.પી.સી.ની કલમ-૭૦ મુજબનું પકડવોરંટ ઇશ્યુ કરવામાં આવ્યું હતું, તેપણ અત્યાર સુધી પેન્ડિંગ હતું. ત્રણ દાયકાથી પોલીસને હાથતાળી આપીને ફરતા આ આરોપીને દિલ્હીથી સુરત લાવવામાં આવ્યો હતો.

બીજી તરફ સુરત શહેરના ચકચારી હનીટ્રેપ કેસમાં વરાછા પોલીસે મોટી સફળતા મેળવી છે. સામાજિક અગ્રણી તરીકે ઓળખ ધરાવતા અને કાળા કારનામાના મુખ્ય સૂત્રધાર -વીણ ભાલાળાને પોલીસે આખરે દબોચી લીધો છે. પોલીસ ફરિયાદ દાખલ થયા બાદ પાછલા સોળ મહિનાથી કાયદાના સકંજાથી બચવા ભાગતો ફરતો આરોપી પ્રવીણ ભાલાળા આખરે પોલીસની સામે હાજર થઇ ગયો હતો. સામાજિક સેવાની આડમાં હનીટ્રેપનું નેટવર્ક ચલાવતા આ અગ્રણીનો અસલી ચહેરો સામે આવતા જ સમગ્ર સુરતમાં ચકચાર મચી ગઈ હતી. આ સમગ્ર મામલાની વિગત એવી છે કે પ્રવી ભાલાળાએ પોતાના જ એક અંગત મિત્રને શિકાર બનાવવાનું શાતિર ષડયંત્ર રચ્યું હતું. પ્રવીણે પોતાની ઓફિસમાં જ કામ કરતી એક યુવતીનો મોહરા તરીકે ઉપયોગ કર્યો હતો.

મિત્રતાનો ગેરફાયદો ઉઠાવીને પ્રવીણે આ યુવતીના માધ્યમથી પોતાના જ મિત્રને હનીટ્રેપની ગંદી જાળમાં ફસાવી દીધો હતો. ત્યારબાદ બદનામીનો ડર બતાવી બ્લેકમેઈલિંગ શરૂ કરીને મિત્ર પાસેથી કટકે-કટકે રૂ. ૧૪ લાખ જેવી મોટી રકમ પડાવી લીધી હતી. વર્ષો સુધી આ માનસિક ત્રાસ અને બ્લેકમેઈલિંગ સહન કર્યા બાદ, આખરે હિંમત કરીને ભોગ બનનાર યુવકે વર્ષ ગયા વર્ષે વરાછા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે એક્શનમાં આવેલી વરાછા પોલીસે જ હનીટ્રેપમાં સામેલ તે મહિલા આરોપીની ધરપકડ કરી લીધી હતી. મહિલાની પૂછપરછમાં જ ખુલાસો થયો હતો કે આ સમગ્ર ખેલનો અસલી સૂત્રધાર પ્રવીણ ભાલાળા જ છે. ત્યારથી ફરાર પ્રવીણ અંતે પકડાઇ ગયો હતો. તે આગોતરા જામીન સાથે હાજર થતાં ધરપકડની કાર્યવાહી કરાઇ હતી.

---

**શહેર SOGનો ગ્રીનલેન્ડ ચોકડીથી નવાગામ જવાના રસ્તે દરોડો**

# લાખોના પોસડોડા સાથે રાજસ્થાની ઝડપાયો

## સીસીટીવીમાં કેદ થઈ બુકાનીધારી મહિલાઃ એ ડિવિઝન પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઈ

રાજકોટ, તા. ૨૦

શહેરમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા અને નાર્કોટીક્સ પદાર્થોનું વેચાણ તેમજ સેવન રોકવા માટે ''સે નો ટુ ડ્રગ્સ'' મિશન અંતર્ગત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકોટ શહેર વિસ્તારમાં માદક પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા ઇસમો વિરૂધ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવા મળેલ સૂચનાઓના આધારે જ્વત્ર્ર શાખા દ્વારા માદક પદાર્થ પોસડોડા પોપીસ્ટ્રોના મોટા જથ્થા સાથે રાજસ્થાનના સપ્લાયરને પકડી પાડવામાં સફળતા મળી છે.

આ કામગીરી એસઓજી પો.ઇન્સ. એન.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ તેમજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. બી.બી. જાડેજા તથા એસઓજી શાખાના પો. સબ.ઇન્સ. બી.વી. ચુડાસમાની રાહબરી હેઠળ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન એએસઆઇ રાજેશભાઈ બાળા, સિધ્ધરાજસિંહ જાડેજા તથા પો.કોન્સ. જયપાલસિંહ ઝાલાને મળેલ સંયુક્ત બાતમીના આધારે રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડીથી આગળ નવાગામ જવાના રસ્તાની સામે આવેલ શિવ શક્તિ હોટલ બહાર જાહેર રોડ પરથી પ્રતિબંધિત માદક પદાર્થ પોસડોડાના મોટા જથ્થા સાથે આરોપીની અટકાયત કરવામાં આવી હતી. આ મામલે રાજકોટ શહેર બી ડિવિઝન પોલીસ



સ્ટેશન ખાતે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.પોલીસે આરોપી પાસેથી ૧૬.૩૦૦ કિલોગ્રામ માદક પદાર્થ પોસડોડા કિંમત રૂ. ૨,૮૯,૫૦૦, રૂ. ૪૦,૦૦૦ની કિંમતનો એપલ કંપનીનો આઇફોન ૧૬ મોડેલનો મોબાઇલ ફોન, રૂ. ૩,૬૦૦ની રોકડ રકમ તથા ઓળખકાર્ડ મળી કુલ રૂ. ૩,૩૩,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.આ કેસમાં પકડાયેલ આરોપીનું નામ ચુનારામ માલારામ જાટ (ઉં.વ. ૩૭, ધંધોઃ કારખાનામાં મજુરી, રહેવાસીઃ કુવાડવા ગામ ત્ર્ઈઉઈ, તા.જિ. રાજકોટ, મૂળ રહેવાસીઃ એડસિંઘરી ગામ, જિ. બાડમેર, રાજસ્થાન) છે. આ કામગીરી રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ભરત બી. બસીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

આ કામગીરીમાં પોલીસ ઇન્સ્પેક્ટર એન.બી. ચૌધરી, સાયબર ક્રાઇમ પો.ઇન્સ. બી.બી. જાડેજા, જ્વત્ર્ર શાખાના પો.સબ.ઇન્સ. બી.વી. ચુડાસમા, એ.એસ.આઇ. અરૂણભાઈ બાંભણીયા, એ.એસ.આઇ. રાજેશભાઈ બાળા, એ.એસ.આઇ. સિદ્ધરાજસિંહ જાડેજા, પો. કોન્સ. જયપાલસિંહ ઝાલા, પો.કોન્સ. રવિભાઈ ધગલ, મહિલા પો.કોન્સ. મોનાબેન બુસા, મહિલા પો.કોન્સ. ભાગ્યલક્ષ્મીબા ઝાલા તથા ડ્રાઇવર પો.કોન્સ. નિર્મળસિંહ જયેન્દ્રસિંહ રોકાયેલ હતા. આ ઉપરાંત, ત્ર્જીક અધિકારી કે.એમ. તાવીયા દ્વારા ઘટનાસ્થળે પ્રાથમિક પરીક્ષણ કરી પોતાનો અભિપ્રાય આપવામાં આવ્યો હતો.

---

**અષાઢી બીજના આગલા દિવસથી શરૂ થયેલી કામગીરી સતત અવિરત રહીઃ વધુ એક સફળતા**

# PCBએ વધુ ૩ પિસ્તોલ સાથે ૩ ડ્રાઈવરને પકડ્યા

## બે ચોટીલામાં રીક્ષા ફેરવે છે અને એક રાજકોટમાં કાંધા ભરે છેઃ શોખ ખાતર હથીયાર રાખ્યાનું રટણ કર્યુ

રાજકોટ, તા. ૨૦

શહેરની પીસીબી ટીમે રેકોર્ડ કહી શકાય એવી કામગીરી કરી છે. વેપન કાર્ટેલના વધુ ૩ શખ્સોને પકડી લઇ કુલ ૧૭ આરોપીઓને ઝડપી ૩૪ ગેરકાયદે દેશી પિસ્તોલ, તમંચા કબ્જે કર્યા છે. ઝડપાયેલા વધુ ત્રણ શખ્સોમાં ચોટીલાના બે રિક્ષાચાલકો અને રાજકોટ રહેતો છુટક ડ્રાઇવીંગ કરતો શખ્સ સામેલ છે. આ ત્રણેયએ કાર્ટેલના સપ્લાયર પાસેથી શોખ ખાતર અને માથાકુટ ચાલતી હોય કામ આવે એ માટે થઇને હથીયારોની ખરીદી કરી હોવાનું રટણ કર્યુ હતું.

વિગતો પર નજર કરીએ તો શહેર તથા આસપાસના વિસ્તારોમાં ગેરકાયદે હથીયારોની સપ્લાય કરતાં મધ્યપ્રદેશ મીરઝાપુરના શકીલ સાદીક મન્સુરી સહિત પાંચને અગાઉ હથીયારો સાથે પકડી લેવાયા બાદ પુછતાછમાં એક પછી એક આખી વેપન કાર્ટેલનો પર્દાફાશ થયો છે. વધુ ત્રણ શખ્સોને પીસીબીની ટીમે ૩ દેશી બનાવટની પિસ્તોલ સાથે પકડી લેતાં કુલ ૧૭ આરોપીઓ પાસેથી અત્યાર સુધીમાં ૩૪ ગેરકાયદે દેશી પિસ્તોલ, તમંચા અને જીવતા કાર્ટીસ જપ્ત થયા છે. ચોટીલાના બે રિક્ષાચાલક અને રાજકોટમાં રહેતાં અને ડ્રાઇવીંગ કરતાં એક શખ્સને પિસ્તોલ સાથે પકડી લેવાયા છે. આ ત્રણેયે શોખ ખાતર આ હથીયારો ખરીદીને રાખ્યા હતાં. પીસીબીની ટીમે અગાઉ બાતમીના આધારે એમપીના સુત્રધાર સહિતને દબોચ્યા હતાં.



આ શખ્સો પિસ્તોલ, તમંચા અને કાર્ટીસ સાથે ઝડપાયા બાદ વધુ વિગતો ખુલી હતી. શકીલ સાદીક મન્સુરીએ અગાઉ ચોટીલા પંથકના બે શખ્સો કિશોર કોબીયા, વિપુલ સાંકળીયા અને રાજકોટના સાવન ડાભીને ગેરકાયદે દેશી બનાવટના હથીયારો આપ્યા હોવાનું ખુલતાં આ ત્રણેયને પણ પકડી લેવાયા છે. પોલીસે કિશોર ઉર્ફે ભગત વજાભાઇ કોબીયા (રહે. ખેરડી (કાળાસર) તા. ચોટીલા), વિપુલ ઉર્ફે ભોલુ ભરતભાઇ સાંકળીયા (રહે. ગોકુળધામ સોસાયટી, હરિધામની બાજુમાં મોટી વાડી પાસે ચોટીલા) અને સાવન કેશુભાઇ ડાભી (રહે. માલધારી સોસાયટી-૩, આરટીઓ પાસે ગાર્ડન રેસ્ટોરન્ટ પાછળ)ને દેશી બનાવટની ૩ પિસ્તોલ રૂા. ૩૦ હજારની સાથે પકડી લીધા છે. કિશોર ઉર્ફે ભગત અને વિપુલ ઉર્ફે ભોલુ રિક્ષા ડ્રાઇવીંગ કરે છે અને રાજકોટનો સાવન છુટક ડ્રાઇવીંગ કરે છે. આ ત્રણેયે પ્રાથમિક પુછતાછમાં શોખ માટે હથીયાર રાખ્યાનું રટણ કર્યુ હતું. અત્યાર સુધીમાં પીસીબીની ટીમે કુલ ૧૭ આરોપીઓને પકડી લઇ ૩૪ પિસ્તોલ, તમંચા અને ૩૨ જીવતા કાર્ટીસ કબ્જે કર્યા છે. આ સમગ્ર કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચનાથી પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગોસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદિપસિંહ સરવૈયા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને ડ્રા.હેડકોન્સ. જયેશભાઇ ગઢવીએ કરી હતી. અષાઢી બીજના આગલા દિવસથી શરૂ થયેલી આ કામગીરી છેક સોમવાર વીસમી તારીખ સુધી સળંગ ચાલી હતી. જેમાં કુલ ચોત્રીસ હથીયાર સાથે સત્તર આરોપીઓ પકડી લેવાયા હતાં.

---

**અવાર-નવાર સાયબર ગઠીયાઓ એક જ પ્રકારની મોડેસ ઓપરેન્ડીથી કરે છે સફળ શિકાર**

# ટ્રેડીંગમાં કમાણીના નામે સવા છવ્વીસ લાખનો ચૂનો

## પોલીસે ત્વરીત કાર્યવાહી કરી આંતરરાજ્ય ટોળકીના પાંચને પકડ્યાઃ એક વર્ષમાં સાડા છ કરોડના શંકાસ્પદ ટ્રાન્જેકશનઃ સુત્રધાર સુધી પહોંચવા પોલીસની કવાયત

રાજકોટ, તા. ૨૦

સાયબર ફ્રોડના સતત વધી ગયેલા બનાવો વચ્ચે શેરબજારમાં કમાણી કરાવી અપાવવાના નામે વધુ એક મસમોટી ઠગાઇ થઇ છે. જેમાં ટોળકીએ છવ્વીસ લાખ વીસ હજારની ઠગાઇ કરી લીધી હતી. ટ્રેડીંગમાં રોકાણ પર મોટો નફો મળશે તેવુ કહીને યુવાનને છેતરી લેવાયો હતો. આ મામલો પોલીસ સુધી પહોંચતા જ પોલીસ હરકતમાં આવી હતી અને આંતરરાજ્ય ટોળકીના પાંચ સાગરીતોને દબોચી લીધા હતાં. તેણે આ સવા છવ્વીસ લાખની ઠગાઇ કબુલી હતી. જો કે તેના એકાઉન્ટમાં સાડા છ કરોડના ટ્રાન્જેક્શન થયા હોઇ તેની તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો શેર બજારમાં ટ્રેડિંગના નામે ચા નફાની લાલચ આપી સામાન્ય નાગરિકોને ડિજિટલ લૂંટનો શિકાર બનાવી લેવાય છે. વધુ એક આવા બનાવમાં સુરતના નાગરિક સાથે રૂ. ૨૬,૨૦,૦૦૦/ની ઓનલાઈન છેતરપિંડી થઇ છે. આ કિસ્સામાં પોલીસે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ઓપરેશન પાર પાડીને ગેંગના ૫ સભ્યોની ધરપકડ કરી હતી.. સાયબર ક્રાઇમ સેલના એસીપી શ્વેતા ડેનિયલના માર્ગદર્શન હેઠળ થયેલી આ તપાસમાં ચોંકાવનારૂ બેંક ખાતા ભાડે આપવાનું નેટવર્ક સામે આવ્યું હતું. આ સાયબર માફિયાઓની મોડસ ઓપરેન્ડી અત્યંત શાતિર હતી. તેઓ સામાન્ય લોકોને ટાર્ગેટ કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને વોટ્સએપ ગ્રુપનો સહારો લેતા હતા. સુરતના ફરિયાદીને પણ શેર માર્કેટ ઇન્વેસ્ટમેન્ટ ટિપ્સ આપતા એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરાયા હતા.

ગેંગના સભ્યોએ ફરિયાદીને




વિશ્વાસમાં લઈ લીંક દ્વારા ટ્રેડિંગ કરવાથી ટૂંક સમયમાં બમણો કે ત્રણ ગણો નફો મળવાની લાલચ આપી હતી. ત્યારબાદ એક બોગસ વેબસાઈટ પર ફરિયાદીનું લોગિન આઈડી બનાવી, સ્ક્રીન પર નફો થતો હોવાનો આભાસી ગ્રાફ બતાવીને અલગ-અલગ ટુકડાઓમાં કુલ ૨૬,૨૦,૦૦૦ જુદા-જુદા બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ ગુનામાં મુખ્ય ભૂમિકા ભજવનાર આરોપી રંજન અને કૃષ્ણા કુંભારે પોતાના અસલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને આરઆરકે પબ્લીક બાઝાર પ્રાઇવેટ લિમીટેડના નામે એક્સિસ બેંકમાં એક કરંટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. ત્યારબાદ આ ખાતાની કીટ આરોપી સુબાસચંદ્ર અને એસ.કે. આલમગીરના માધ્યમથી કમિશનના જોરે ગેંગના મુખ્ય સાગરીત બસંતસિંહ ઉર્ફે બિગબોસ સુધી પહોંચાડવામાં આવી હતી. ત્યારબાદ બિગબોસે આગળ નાસતા ફરતા મુખ્ય સાયબર ક્રિમિનલ્સને આ ખાતું ઓપરેટ કરવા આપ્યું હતું, જેઓ છેતરપિંડીની રકમ સગેવગે કરવા આ ખાતાનો ઉપયોગ કરતા હતા. આરોપીઓની ધરપકડ બાદ સાયબર સેલે જ્યારે તેઓના કરંટ બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ તપાસ્યું, ત્યારે પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. પ્રાથમિક તપાસ મુજબ માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં આ સિંગલ બેંક ખાતાની અંદર કુલ ૬,૫૩,૪૩,૯૨૪ના શંકાસ્પદ સાયબર ફ્રોડના ટ્રાન્ઝેક્શન્સ ટ્રેસ થયા છે. આ ગેંગ નેટબેન્કિંગ, આઇએમપીએસ અને આટીજીએસના માધ્યમથી સેકન્ડોની અંદર ભોગ બનનારના પૈસા આ ખાતામાં મેળવી, કમિશન કાપીને મુખ્ય સાયબર ગુનેગારોને ટ્રાન્સફર કરી દેતી હતી. સુરતના ફરિયાદીના પણ પચાસ હજાર પણ આ જ ચોક્કસ એક્સિસ બેંકના ખાતામાં જમા થયા હતા.પોલીસ ઝડપી લીધેલા આરોપીઓમાં રંજન ઉર્ફે સુનિલ પુરણ ખિલારી, કૃષણા કુંભાર ઉર્ફે કિશન ગજેન્દ્ર કુંભાર, સુબાસચંદ્ર દયાનિધિ રાઉલો, એસ.કે. આલમગીર અનામોતઅલી, બસંતસિંહ ઉર્ફે સિંહસર ઉર્ફે બિગબોસ સંજીત સિંહનો સમાવેશ થાય છે. આ બધા ઓડીશા અને પશ્ચીમ બંગાળના વતની છે. પોલીસના જણાવ્યા અનુસાર પકડાયેલા પાંચેય આરોપીઓ દેશના અલગ-અલગ ખૂણે સામાન્ય -જાને ડિજિટલ લૂંટનો શિકાર બનાવવામાં સંડોવાયેલા છે અને તેમનો મોટો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. હાલ પોલીસ આ રેકેટના મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા પોલીસે મહેનત શરૂ કરી હતી.

ગઠીયાઓ નવા જુના તુક્કાઓનો ઉપયોગ કરી ઉસેડી જાય છે નાણા

# ગેસનું બીલ ભરવા જતાં ટ્રસ્ટી સાથે ઠગાઈ

## ગઠીયાએ ફોન કરી છેતરપીંડી આચરીઃ બીજા બનાવમાં તાડપત્રીના વેપારી સાથે એક કરોડની ગઠીયાગીરી

રાજકોટ, તા. ૨૦

ઓનલાઇન ગઠીયાગીરીની ઘટનાઓમાં રોજેરોજ કોઇને કોઇ લોકો સાયબર ગઠીયાઓનો શિકાર બની ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ હજારોથી માંડી લાખો, કરોડો રૂપિયા ગુમાવી દેતાં હોય છે. વધુ એક કિસ્સામાં એક હોસ્પિટલના ટ્રસ્ટી સાથે ઓનલાઇન ઠગાઇ થઇ હતી. તેઓએ ગેસનું ગબીલ ભરવા માટે એક શખ્સે તેને ફોન કરી પોતે ગેસ કંપનીમાંથી બોલે છે તમારુ બીલ ભરવાનું બાકી છે, ઓનલાઇન પ્રોસેસથી ભરી શકાય છે તેમ કહીને નાણા ખંખેરી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ વખતે ઠગાઇ વાપીમાં થઇ છે. અહિ વાપી હરિયા હોસ્પિટલના ટ્રસ્ટીને અજાણ્યા ઇસમે કોલ કરી જણાવ્યું કે, તે મુંબઇ મહાનગર ગેસ કનેક્શનથી બોલે છે ગેસ બિલ પેન્ડીંગ બતાવે છે કહી ડેબિટ કાર્ડ અને સીવીવી નંબર મેળવી ખાતામાંથી એ લાખથી વધુ રૂપિયા કાઢી લેતા પોલીસમાં ફરિયાદ કરાઇ હતી. અહિ ફ્રોડની રકમ નાની હતી પરંતુ ગઠીયાઓ આ પ્રકારે પણ છેતરી લેતાં હોય છે તે વાત સામે આવી હતી.

વધુ માહિતી અનુસાર વાપી જીઆઇડીસી સૌરવ સોસાયટીમાં રહેતા હરિયા હોસ્પિટલના ટ્રસ્ટી કલ્યાણ મોહન બેનરજીએ જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે તેમને એક કોલ આવ્યો હતો.જેમાં સામાવાળાએ જણાવ્યું કે તે મુંબઇ મહાનગર ગેસ કનેક્શનથી બોલે છે અને આપ કા ગેસ બિલ પેન્ડીંગ બતા રહા હૈ. મેરા મુંબઈ મેં ઘર હૈ લેકિન ઇતના ગેસ યુઝ નહિ કરતે હૈ ઔર હમારા સબ બીલ પેડ હૈ જણાવતા તે વારંવાર કુલ છ વખત કોલ કરી ગેસ બિલ પે કરવા જણાવી વોટ્સએપ પર



મહાનગર ગેસ બીલ અપડેટ.

ત્યારબાદ એપીકે નામની ફાઇલ મોકલી ફરીથી કોલ કરી આપ કે પાસ ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડ હૈ તો મુઝે સબ ડિટેઇલ દો મૈં પેઇડ કર દેતા હું તેમ કહ્યું હતું. જેથી એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ નંબર અને સીવીવી નંબર તેમજ આઇઆઇસીઆઇનું ડેબિટ કાર્ડ નંબર અને સીવીવી નંબર આપી દેતા બીજા દિવસે સવારે બંને અકાઉન્ટમાંથી કુલ રૂ. ૧,૦૧,૩૯૬ કપાઇ ગયા હતા અને છેતરપિંડીની જાણ થતાં પોલીસમાં અજાણ્યા સામે ફરિયાદ કરાઇ હતી.

વધુ એક વખત પોલીસે સાયબર ગઠીયાઓથી બચવા માટેની ટીપ્સ આપી છે. કોઈપણ એપ ડાઉનલોડ ન કરવીં વોટ્સએપ કે અન્ય કોઈ અજાણ્યા સોર્સ પરથી મોકલવામાં આવેલી એપીકે ફાઈલ ક્યારેય પણ મોબાઈલમાં ડાઉનલોડ કે ઈન્સ્ટોલ ન કરવી. તે માલવેર-વાયરસ હોઈ શકે છે. કાર્ડની વિગતો ગુપ્ત રાખવીં કોઈપણ સરકારી કે ખાનગી કંપનીના કર્મચારી ક્યારેય ફોન પર તમારા કાર્ડનો નંબર, એક્સપાયરી ડેટ, દસ્સ કે બ્બ્ભ માંગતા નથી. આ વિગતો શેર ન કરવી તેમજ સત્તાવાર માધ્યમનો ઉપયોગ કરવોં ગેસ બિલ કે લાઈટ બિલ ભરવા માટે હંમેશા જે-તે કંપનીની ઓફિશિયલ વેબસાઈટ, સત્તાવાર એપ અથવા શ્ન્ત એપ્સ નો જ ઉપયોગ કરવો.

ઠગાઇના અન્ય એક બનાવમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ ગામમાં આવેલી એક પ્રતિષ્ઠીત કંપની સાથે મહારાષ્ટ્રની લેમીફાબ કંપનીના સંચાલકોએ કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ઠગબાજોએ વિશ્વાસ કેળવીને એક કરોડથી વધુની કિંમતની તાડપત્રીનો માલ મંગાવી લીધો હતો અને બાદમાં રૂપિયા ૯૩.૫૪ લાખથી વધુનું પેમેન્ટ ન ચૂકવીને ગુનાહિત વિશ્વાસઘાત કર્યો છે.

આ મામલે ગાંધીનગર સીઆઇડી ક્રાઇમ ઝોનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. વધુ વ્ગિત મુજબ અમદાવાદના શીલજ વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય ઉદ્યોગપતિ રીશબ અશોકભાઇ છાજેર સાંતેજ-વડસર રોડ પર આવેલી મેસર્સ ગુજરાત ક્રાટ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીમાં છેલ્લા તેર વર્ષથી ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે. તેમની કંપની આઇએસઆઇ માર્કવાળી પ્લાસ્ટિકની તાડપત્રીનું મોટા પાયે ઉત્પાદન કરે છે.

ત્યારબાદ મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લાની મેસર્સ લેમીફાબ એન્ડ પેપર્સ પ્રાઇવેટ લિમિટેડ કંપનીના મેનેજીંગ ડિરેક્ટર કમલેશ કિશોરીલાલ ધુત, તેમજ ડિરેક્ટરો કિશોરીલાલ રામનાથ ધુત અને પુષ્કર કમલેશ ધુતે ફરિયાદીના સ્વર્ગસ્થ પિતા અશોકકુમાર છાજેર સાથે સંપર્ક કર્યો હતો.

બજારમાં બહુ ચી શાખ હોવાની મોટી-મોટી વાતો કરીને તાડપત્રી ખરીદવાનો ઓર્ડર આપ્યો હતો અને સમયસર નાણાં ચૂકવી દેવાની ખાતરી આપી હતી. આ રીતે એક કરોડ સાત લાખનો માલ મેળવ્યા બાદ રૂપિયા ન ચુકવી ઠગાઇ કરવામાં આવી હતી.

# મંદિરોમાંથી દાગીના સેરવતી હંસલી ઝડપાઈ : ત્રણ ગુના ઉકેલાયા

રાજકોટ, તા. ૨૦

ધર્મસ્થાનોમાં દર્શનાથીનો સ્વાંગ રચી ગિરદીનો લાભ ઉઠાવી દર્શનાર્થીઓના દાગીના ચોરી લેવાની ત્રણ ઘટના બની હતી. તેનો ભેદ ડીસીબીની ટીમે ઉકેલ્યો છે. શહેરના કરણસિંહજી બાલાજી મંદિર ખાતે ચોરીના બે અને કોઠારીયાના રણુજા મંદિર ખાતે ચોરીનો એક બનાવ બન્યો હતો. જેમાં દર્શનાર્થીઓના ગળામાંથી સોનાના ઓમકાર, ચેઇન, માળા સેરવી લેવાયા હતાં. ત્રણ ગુના ડીસીબીની ટીમે ઉકેલી હંસા ઉર્ફે હંસલી દિલીપભાઇ મકવાણા-દેવીપૂજકને પકડી લઇ રૂા. ૩,૪૨,૨૦૦ના દાગીના કબ્જે કર્યા હતો. પંચાવન વર્ષની હંસલી કુબલીયાપરા, ટ્રેકટર ચોકમાં રહે છે.



બાલાજી મંદિર, રણુજા મંદિરે થયેલી ચોરીમાં ડીસીબીની ટીમે કુબલીયાપરાની મહિલાને ઝડપી ૩.૪૨ લાખના દાગીના કબ્જે કર્યા

વિગતો જોઇએ તો કરણસિંહજી બાલાજી મંદિર ખાતે દર્શનાથી વૃધ્ધાની સોનાની માળા ગિરદીનો લાભ લઇ અજાણી બુકાની બાંધેલી મહિલા ચોરી ગઇ હતી. આ ઘટના કેમેરામાં કેદ થઇ હતી. ત્યારબાદ આ મંદિર ખાતે જ એક બહેન તેના બાળકને તેડી દર્શન કરવાની લાઇનમાં ઉભા હતાં ત્યારે બાળકના ગળામાંથી સોનાનો ઓમકાર સેરવી લેવાયો હતો.

આ ઉપરાંત અષાઢી બીજના દિવસે કોઠારીયા રણુજા મંદિર ખાતે પણ એક મહિલાના ગળામાંથી સોનાની પટ્ટીવાળો ચેઇન આવી જ રીતે સેરવાઇ ગયો હતો. એ-ડિવીઝનના બે અને આજીડેમનો એક મળી કુલ ત્રણ ગુના હંસા ઉર્ફે હંસલીએ કબુલ્યા હતો. ચોરાઉ દાગીના વેંચવા માટે ગ્રાહક શોધવા તે સિવિલ હોસ્પિટલ ચોકીના બ્રીજ નીચે આવી હોવાની બાતમી ડીસીબીના એએસઆઇ વિજયરાજસિંહ જાડેજા, હેડકોન્સ. સાગરભાઇ માવદીયા, તુલસીભાઇ ચુડાસમા, કોન્સ. સંજયભાઇ ખાખરીયા અને ધર્મેશભાઇ ખાંડેખાને મળતાં મહિલા પોલીસ સ્ટાફને સાથે રાખી હંસાને સકંજામાં લઇ લીધી હતી. તેની પાસેથી રૂા. ૨,૩૨,૦૦૦ની સોનાની માળા ડબલ સરવાળી, રૂા. ૧,૦૫,૦૦૦ તથા રૂા. ૫૨૦૦નો સોનાનો ઓમકાર મળી આવ્યા હતાં.

હંસા ઉર્ફે હંસલી શનીવારે ગિરદીના સમયે મંદિરે ગઇ હતી અને દાગીના સેરવી લીધા હતાં. તેમજ એક ચોરી અષાઢી બીજના દિવસે રણુજા મંદિરે કરી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવ અને ટીમના પીએસઆઇ એસ. એમ. રાણા, વી. ડી. રાવલીયા, એએસઆઇ અશોકભાઇ કલાલ, રણજીતસિંહ પઢારીયા, સંજયભાઇ દાફડા, વિજયરાજસિંહ જાડેજા, હેડકોન્સ. સંતોષભાઇ ઘોઘારી, તુલસીભાઇ ચુડાસમા, સાગરભાઇ માવદીયા, લાલજીભાઇ હાડગરા, કોન્સ. સંજયભાઇ ખાખરીયા, ધર્મેશભાઇ ખાંડેખા, કોન્સ. ત્રિપદાબેન, શિલ્પાબેન અને દિવ્યાબેને આ કામગીરી કરી હતી. હંસલીની વધુ પુછતાછ હવે પછી એ-ડિવીઝન અને આજીડેમ પોલીસ કબ્જો મેળવીને કરશે.

# સોની બજારમાં અગાસીએ જામેલી દારૂની મહેફીલમાં બે સગા ભાઇ સહિત પાંચ પકડાયા

## જંગલેશ્વરમાં ઘોડીપાસા રમવા બેઠેલા ત્રણને પકડી લેવાયા

રાજકોટ, તા. ૨૦

દારૂ જૂગારના દરોડામાં એ-ડિવીઝન પોલીસે સોની બજાર વિસ્તારમાં આવેલ એક ટાવરની અગાસી પર દારૂની મહેફીલમાં દરોડો પાડી બે સગા ભાઇ સહિત પાંચને પકડી લીધા હતાં. જ્યારે જંગલેશ્વરમાં ઘોડીપાસાનો પાટલો ચલાવતાં ત્રણને ભક્તિનગર પોલીસે પકડ્યા હતાં.

વિગતો જોઇએ તો દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા એ-ડિવીઝન પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ કરણભાઇ વિરસોડીયા, કનુભાઈ બસીયા, કલ્પેશભાઈ બોરીચા તથા ધર્મેશભાઈ પરમાર સહિતને બાતમી મળતાં સોની બજારમાં રઘુવીર ટાવરની અગાસી પર દારૂની મહેફીલ ચાલી રહી હોવાની બાતમી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે અગાસી પર જઈને જોયું તો પાંચ શખ્સો ગોળ કુંડાળું વળીને બેઠા હતા. તેમની વચ્ચે વિદેશી દારૂની સીલ તુટેલી બોટલ, પાણીની બોટલો, પ્લાસ્ટિકના ગ્લાસ અને વેફરના પેકેટ પડેલા હતા. તમામ શખ્સો દારૂ અને ખાદ્ય ચીજવસ્તુઓ સાથે મહેફીલ માણતા નજરે પડ્યા હતા.

પોલીસે વિશાલ જીતેંદ્રભાઈ શેઠ (રહે. પ્રતાપ કુંવરબા સ્કૂલની સામે), તેના ભાઇ સાગર જીતેંદ્રભાઈ શેઠ ( રહે. પ્રતાપ કુંવરબા સ્કૂલની સામે), અર્જુન રાજુભાઈ વિશ્વકમા (રહે. દેવ કુંવરબા સ્કૂલ પાસે, મારૂતિ એપાર્ટમેન્ટ, સોનીબજાર), મયુરસિંહ રમેશસિંહ જાડેજા (રહે. બેડીનાકા ટાવર, હરઘોળ શેરી, સોની બજાર) અને વિકાસ ઘોડીરામ જાદવ (રહે. ભવનાથ એપાર્ટમેન્ટ, બીજો માળ, બ્રાહ્મણીયા પરા શેરી, સંત કબીર



રોડ)ને મહેફીલ માણતા પકડી લઇ મેક્ડોવેલ્સ નં-૧ બ્રાન્ડની ૭૫૦ મિલીની સીલ તૂટેલી કાચની બોટલ કબજે કરી હતી, જેમાં આશરે ૨૦૦ મિલી જેટલો દારૂ હતો. તેની કિંમત રૂા. ૧૦૦ ગણવામાં આવી હતી. તેમજ પાંચ નંગ પ્લાસ્ટિકના ગ્લાસ, વેફર સાથેની ૩ નંગ પેપર ડિશ અને ૨ નંગ પાણીની બોટલોનો નાશ કરાયો હતો. ઈન્સપેકટર જે. વી. વાઢીયાની સુચના અનુસાર ટીમે આ કામગીરી કરી હતી.

બીજી તરફ જંગલેશ્વર મેઇન રોડ પર બાબા પાન પાસે ઘોડીપાસાનો જૂગાર રમતાં ત્રણ શખ્સોને ભક્તિનગર પોલીસે પકડી લીધા હતા. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે રમેશભાઇ માલકીયા, નરસંગભાઇ ગઢવીને બાતમી મળી હતી કે જંગલેશ્વર મેઇન રોડ પર ઘોડીપાસાનો પાટલો મંડાયો છે. તેના આધારે દરોડો પાડી અસમલ કરીમભાઇ લીંગડીયા (રહે. જંગલેશ્વર ૩૩ આઝાદ ચોક), અફરોઝ અજીતભાઇ કુકડ (રહે. જંગલેશ્વર-૩૨) અને રશીદ ઉર્ફે કુરી યુનુસભાઇ ઠાસરીયા ( જંગલેશ્વર-૩૧)ને પકડી લઇ ઘોડીપાસા અને રોકડા રૂા. ૧૦૨૦૦ કબ્જે લેવાયા હતાં.

ઈન્સ. જે. ડી. પરમારની રાહબરીમાં પીએસઆઇ એસ. એચ. ગોહિલ, તેમજ રમેશભાઇ માલકીયા, હરવિજયસિંહ ગોહિલ, મયુરદાન બાટી, કેતનભાઇ બોરીચા, પ્રકાશભાઇ મકવાણા, રવીભાઇ રત્નુ, યુવરાજસિંહ જાદવ, યોગીરાજસિંહ જાડેજા, નિલેષભાઇ મિયાત્રા, નરસંગભાઇ ગઢવી અને ટીમે આ દરોડો પાડ્યો હતો.

માલ પકડાય નહિ એ માટે સિરામીક પાવડર, કેમિકલના બેરલોની આડમાં મોકલ્યો'તો

# કિમીયો નાકામઃ ટ્રકમાં છુપાવેલો લાખોનો દારૂ PCBએ પકડ્યો

**બામણબોર ચેકપોસ્ટ પાસે બે રાજસ્થાની ડ્રાઈવરને દબોચ્યાઃ મોકલનાર રાજસ્થાની શખ્સ અને મંગવાનારા રાજકોટના બે શખ્સના નામ ખુલતાં ઝડપી લેવા કાર્યવાહીઃ સાડા બાર લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરાયો**

રાજકોટ, તા. ૨૦

શહેરમાં દારૂના ધંધાર્થીઓ સપ્લાયરો પર પોલીસ સતત ધોંસ બોલાવી રહી છે. ક્રાઇમ બ્રાંચ, પીસીબી તેમજ અલગ અલગ પોલીસ સ્ટેશનોની ટીમો દ્વારા દરરોજ દરોડા પાડી નાના મોટા નવા જુના વિદેશી દારૂના બુટલેગરો, સપ્લાયરોને પકડી લેવામાં આવે છે. દરમિયાન પીસીબીની ટીમે વધુ એક વખત બૂટલેગરોનો કિમીયો નિષ્ફળ બનાવી લાખોનો દારૂ ભરેલો ટ્રક પકડી લઇ બે રાજસ્થાની શખ્સને દબોચી લીધા હતાં. દારૂ મોકલનાર અને મંગાવનારા સહિત ત્રણની શોધખોળ હાથ ધરાવમાં આવી હતી. બામણબોર ચેકપોસ્ટ નજીક બાતમીને આધારે વોચ રાખી ટ્રક પકડી લેવાયો હતો. જેમાં સિરામીક પાવડર અને કેમીકલના બેરલોની પાછળ દારૂનો જથ્થો છુપાવેલો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેર પીસીબીની ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા પેટ્રોલીંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી પરથીઅમદાવાદ રાજકોટ હાઈવે પર



બામણબોર ચેકપોસ્ટ નજીકથી એક ટ્રક સાથે બે રાજસ્થાની શખ્સને પકડી લીધા છે. આ દારૂ રાજસ્થાનના રાજસમંદથી મોકલનારનું નામ ખુલ્યું છે અને રાજકોટના બે શખ્સોએ દારૂ મંગાવ્યો હતો તેના નામ પણ સામે આવતાં પોલીસે આ ત્રણેયની શોધખોળ હાથ ધરી છે. પોલીસે દારૂનો જથ્થો, ટ્રક મળી કુલ રૂા. ૧૨,૨૬,૪૨૪નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ દારૂનો જથ્થો સિરામીક પાવડરની પ્લાસ્ટીકની બોરીઓની આડમાં

લાવવામાં હતો. એએસઆઇ ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. હરદેવસિંહ રાણાને બાતમી મળી હતી કે રાજસ્થાનથી દારૂનો જથ્થો ભરેલો ટ્રક ચોટીલા તરફથી આવી રહ્યો છે. આ બાતમીને આધારે ટીમે બામણકોર ચેકપોસ્ટ નજીક વોચ રાખી હતી.

આ દરમિયાન બાતમી મુજબનો આરજે૦૨જીએ-૯૬૪૨ નંબરનો ટ્રક આવતાં તેને આંતરી લીધો હતો. ઠાઠામાં તપાસ કરતાં સિરામીક પાવડરની પ્લાસ્ટીકની બોરીઓ જોવા મળી હતી. પોલીસે આ બોરીઓને દૂર હટાવીને જોતાં પાછળથી અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂનો જથ્થો મળ્યો હતો.પોલીસે ગ્લોબસ ગ્રીન પ્રિમીયમ વ્હીસ્કીની ૧૮૦ એમએલની રૂા. ૨,૩૭,૬૦૦ની ૨૬૪૦ બોટલો, આરજે ગ્રીન સ્પેશીયલ વ્હીસ્કીની ૧૮૦ એમએલની રૂા. ૮૬૪૦૦ની ૯૬૦ બોટલો, વ્હાઇટ લેસ વોડકા ઓરેન્જ ફ્લેવરના ૧૮૦ એમએલના પાઉચ રૂા. ૧૩૮૨૪ના ૧૪૪ નંગ, રોયલ કલાસીક વ્હીસ્કીના ૧૮૦ એમએલના રૂા. ૨૧૬૦૦ના ૨૪૦ પાઉચ મળ્યા હતાં.

આ રીતે કુલ રૂા. ૩,૫૯,૪૨૪નો દારૂ મળતાં તે તથા કેમીકલ ભરેલા પ્લાસ્ટીકના કેરબા ૮, ટ્રક મળી કુલ રૂા. ૧૨,૨૬,૪૨૪નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. પોલીસે ટ્રક ચાલક રઘુવીરસિંગ રતનસિંગ ચૌહાણ (રહે. દેવજીના દેવરા ગામ, નંદાવટ, તા. ભીમ રાજસમંદ રાજસ્થાન) અને ગોકુલસિંગ સંગ્રામસિંગ ચૌહાણ (રહે. બલી જસાખેડા ગામ, પોલીસ ચોકીની બાજુમાં તા. ભીમ રાજસમંદ રાજસ્થાન)ને પકડી લીધા હતાં. આ બંનેને પુછતાછમાં ખુલ્યું હતું કે આ દારૂનો જથ્થો રાજસમંદના બંજારી ગામના દિનેશસિંગે મોકલ્યો હતો અને રાજકોટના ગૌતમ તથા અનિલે મંગાવ્યો હતો. આ ત્રણેયની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દારૂ મંગાવનારા તરીકે જે બે શખ્સોના નામ ખુલ્યા છે તેને અને મોકલનાર રાજસ્થાનીને ઝડપી લેવા ટીમો કામે લાગી હતી.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિકની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગોસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદિપસિંહ સરવૈયા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને ડ્રા.હેડકોન્સ. જયેશભાઇ ગઢવીની ટીમ દ્વારા કરવામાં આવી હતી. બૂટલેગરોએ દારૂ પકડાય ન જાય એ માટે કેમિકલ, સીરામીક પાવડરની આડમાં છુપાવીને જથ્થો મોકલ્યો હતો. પરંતુ પોલીસે પાક્કી માહિતીને આધારે કિમીયો નિષ્ફળ બનાવી દીધો હતો.

રાજકોટ મનપાની જનરલ બોર્ડ બની રોમાંચક

# ટીપી સ્કીમ- જમીન કપાતના પ્રશ્ને અધિકારીઓ ભીંસમાં

## ટીપી સ્કીમ પ્લોટસનું આંકડાકીય ચિત્ર

- કુલ ટીપી પ્લોટ: ૧,૬૫૦ પ્લોટ્સ
- હેતુપૂર્વક વપરાયેલા પ્લોટ: ૪૭૫ પ્લોટ્સ
- દબાણ હેઠળના પ્લોટ: ૩૬૮ પ્લોટ્સ
- ઝોન વાઈઝ વિભાજન:

ઈસ્ટ ઝોન: ૩૦૦ પ્લોટ
વેસ્ટ ઝોન: ૧,૦૧૬ પ્લોટ
સેન્ટ્રલ ઝોન: ૩૦૪ પ્લોટ

- હેતુ વાઈઝ ફાળવણી:

૨૫૦ કોમર્શિયલ પ્લોટ
૨૯૬ જીઉઠજ (આર્થિક નબળા વર્ગ માટે) પ્લોટ
૧૫૭ રહેણાંક પ્લોટ
૬૧ શાળા હેતુના પ્લોટ


મુળ પ્રશ્ન યાદ કરાવો!


મહિલા સભ્યોએ કરી ચર્ચા

## જમીનના બદલામાં જમીન આપવાના રાજકોટના અનોખા નિયમ અંગે TPOની મહત્વની કબૂલાત

### લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ (LOP) અને રસ્તા પહોળા કરવાની કાર્યવાહી

ચર્ચા આગળ વધારતા દિલીપ લુણાગરીયાએ પ્રશ્ન કર્યો હતો કે, ફેન્સિંગ તોડીને જો ફરી દબાણ થઈ જાય તો તેની જવાબદારી કોની નક્કી થાય છે? આ સાથે જ રાજકોટમાં રસ્તા પહોળા કરવાની કામગીરી અંગે માહિતી આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે:

- રાજકોટમાં અત્યાર સુધીમાં ૪૭ માર્ગો પર 'લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ' (કઘક) નક્કી કરવામાં આવી છે.
- તેમાંથી ૧૭ રસ્તાઓ પહોળા કરવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.
- બાકીના રસ્તાઓ પર હાલ વહીવટી પ્રક્રિયા ચાલુ છે અને કેટલાક કેસોમાં કાયદાકીય સ્ટે (કોર્ટ મેયર/સ્ટે) પણ છે.
- કોર્પોરેટર કેતન પટેલે ટીપીઓ દ્વારા નોન-ટીપી રોડ અંગેની માહિતી અપાઈ હોવાનું ધ્યાન દોર્યું હતું.

### કાનૂની મુદ્દો - જમીનના બદલામાં જમીનનો રાજકોટનો અનોખો નિયમ

- કેતન પટેલનો પ્રશ્ન:

કોર્પોરેટર કેતન પટેલે મુદ્દો ઉઠાવ્યો કે રસ્તા કપાતમાં ખાનગી જમીન સંપાદન વખતે માલિકને પ્લાનમાં બિલ્ટઅપ, ત્રજ્જઈ, માર્જિન, રોકડ કે ઝઉછ જેવા વિકલ્પો આપવામાં આવે છે. પરંતુ સમગ્ર ગુજરાતમાં રાજકોટ સિવાય ક્યાંય જમીનના બદલામાં જમીન આપવામાં આવે છે ખરી?

- ઝઙ્ઘનો જાહેરમાં સ્વીકાર:

આ સવાલના જવાબમાં ઇન્ચાર્જ ટીપીઓએ તમામ સભાસદોની હાજરીમાં સ્વીકાર્યું કે માત્ર રાજકોટ એક જ એવું શહેર છે જ્યાં જાહેર હેતુ માટે જમીન કપાતના બદલામાં જમીન (પ્લોટ) આપવાનો નિયમ/પ્રથા ચાલે છે.

- ટીપી રસ્તા અંગે સ્પષ્ટતા:

ટીપી સ્કીમ મંજૂર થઈ ગયા બાદ રસ્તામાં કોઈ ફેરફાર કે અલાઈનમેન્ટ બદલી શકાતું નથી.

### દબાણો હટાવવા ડીમોલિશન અને ફેન્સિંગનું આયોજન

ટીપીઓ દ્વારા જણાવાયું હતું કે રાજકોટની વિવિધ ટીપી સ્કીમમાં હાલ ૩૬૮ જેટલા પ્લોટ દબાણ હેઠળ છે, જેમાંથી ઘણા પ્લોટ ટીપી સ્કીમ બન્યા તે પહેલાના છે. ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ આવા તમામ દબાણયુક્ત પ્લોટો પર તબક્કાવાર ડીમોલિશન કામગીરી હાથ ધરીને પ્લોટ ખાલી કરાવવામાં આવશે.દરમિયાન, રેઢા પ્લોટની સલામતીનો મુદ્દો ઉઠાવતા પૂર્વ મેયર ડો. પ્રદીપ ડવે મહત્વનું સૂચન કર્યું હતું કે, દબાણો થયા પછી તેને હટાવવામાં ડીમોલિશનનો મોટો ખર્ચ થાય છે. આથી દબાણ થાય તે પહેલાં જ જરૂરિયાત મુજબ પ્લોટ ફરતે ફેન્સિંગ (તારની વાડ) કરી દેવી જોઈએ. આ સૂચનને સ્વીકારીને મ્યુનિસિપલ કમિશનરે તુરંત જ આવી કાર્યવાહી શરૂ કરવાની બાંહેધરી આપી હતી.

### બોર્ડ બેઠકના મુખ્ય તારણો

**- નવી પદ્ધતિ મુજબ સભા:**
પ્રશ્નોત્તરી કાળ લંબાવીને બપોર પછી પણ ચર્ચા ચાલુ રાખવામાં આવી.

**- દરખાસ્તો મંજૂર:**
નામકરણ અંગેની ૪ દરખાસ્તો બોર્ડ દ્વારા પસાર કરવામાં આવી.

**- પ્લોટ રક્ષણ:**
ખુલ્લા પ્લોટ પર દબાણ અટકાવવા તુરંત ફેન્સિંગ કરવાનો કમિશનરનો આદેશ.

**- ડીમોલિશન ડ્રાઈવ:**
ચોમાસા બાદ ૩૬૮ દબાણયુક્ત પ્લોટો પર તબક્કાવાર ડીમોલિશન હાથ ધરાશે.

રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાપાલિકાની માસિક સાધારણ સભા ગઈકાલે મેયર ડો. નેહલ શુકલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. નવી ટર્મની નવી પદ્ધતિ મુજબ આ વખતે બપોર પછી પણ લોકપ્રશ્નો અને શહેરના વિકાસ કાર્યો પર ઊંડાણપૂર્વક ચર્ચા ચાલુ રહી હતી. બોર્ડના એજન્ડામાં રહેલી નામકરણની ચાર મહત્વની દરખાસ્તોને મંજૂર કરવામાં આવી હતી.

સભાની શરૂઆત ભાજપના સભ્ય દિલીપ લુણાગરીયાના ટીપી સ્કીમ અને અનામત પ્લોટ્સ અંગેના પ્રશ્નથી થઈ હતી. તેમણે ટીપી સ્કીમ હેઠળના વિવિધ હેતુઓ માટે રખાયેલા પ્લોટનો વાસ્તવિક ઉપયોગ કેટલો થાય છે અને તેનો ઉપયોગ ન થવાને કારણે થઈ રહેલા દબાણો અંગે ગંભીર વિષય ઉપાડ્યો હતો.

## ૪૭માંથી માત્ર ૧૭ રસ્તાઓ જ પહોળા થયા: નોન-ટીપી અને ટીપી રસ્તાના વિચિત્ર નિયમો મુદ્દે દિલીપ લુણાગરીયા અને કેતન પટેલે TPOને પેટા પ્રશ્નોમાં ઘેર્યા

# મનપાના જનરલ બોર્ડમાં હંગામો

## ગેટેડ સોસાયટીઓ અને ડ્રેનેજ પ્રશ્ને શાસકો-વિપક્ષના સવાલો વચ્ચે કમિશનરની મોટી ખાતરી

### ગેટવાળી બંધ સોસાયટીઓ અને બિલ્ડરોની દાદાગીરી

જનરલ બોર્ડમાં રજૂઆત કરતા વોર્ડ નં. ૧૮ના કોર્પોરેટર ભારતીબેન પરસાણાએ વોર્ડ નં. ૧૮ અને સમગ્ર ઈસ્ટ ઝોનમાં હાઉસ કનેક્શન ચેમ્બર અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા:

- બિલ્ડરોની હાથ ઊંચા કરવાની નીતિ: મકાન વેચતી વખતે બિલ્ડરો રસ્તા, લાઈટ, પાણી અને ગટરની પૂર્ણ સુવિધા આપવાના દાવા કરે છે. પરંતુ સમય જતાં જૂની લાઈનોમાં બ્લોકેજ કે ખામી સર્જાય ત્યારે બિલ્ડરો તેને હાથ અડાડતા પણ નથી.

- આરોગ્ય પર મોટું જોખમ: પ્રાઈવેટ કે ગેટેડ સોસાયટીનું બહાનું બતાવી બિલ્ડરો જવાબદારીમાંથી છટકી જાય છે, જેના કારણે ગટરના પાણી ઉભરાવાથી જાહેર આરોગ્ય અને સુવિધાઓ સામે મોટો પ્રશ્ન ઊભો થાય છે.

- મનપાની પ્રાથમિક જવાબદારી: કોર્પોરેટરે ભારપૂર્વક જણાવ્યું કે, મનપા લોકો પાસેથી મેન્ટેનન્સ ચાર્જ અને ટેક્સ વસૂલે છે, તો પછી મુશ્કેલીના સમયે પ્રાથમિક જવાબદારી મનપાએ જ લેવી જોઈએ.

- છ્બઉઅ વખતની લાઈનોનો કોયડો: ફૂડા સમયમાં નંખાયેલી જૂની ડ્રેનેજ લાઈનોની જવાબદારી કોની તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી, જેના લીધે પ્રજા પીડાઈ રહી છે.

રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં પ્રજાકીય પ્રશ્નો રજૂ કરવાની છૂટ મળતાં જ વોર્ડ નં. ૧૮ (કોઠારીયા વિસ્તાર)ના નગરસેવકોએ ડ્રેનેજ હાઉસ કનેક્શન, ત્રણેય ઝોનમાં અલગ-અલગ નીતિઓ અને બંધ (ગેટેડ) સોસાયટીના રહીશોને પડતી ભારે મુશ્કેલીઓનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો હતો. સોસાયટીઓ અને તંત્ર વચ્ચેના પ્રશ્નો ઉકેલવા માટે સંબંધિત અધિકારીઓ દ્વારા ૭૦:૨૦:૧૦ ની યોજના- નીતિનો વિકલ્પ વિચારીને ઉકેલ લાવવા માટે બોર્ડ સમક્ષ ખાતરી આપવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં નગરસેવકોને પ્રજાકીય પ્રશ્નો રજૂ કરવાની છૂટ મળતાં જ વોર્ડ નંબર ૧૮ના કોઠારીયા વિસ્તારના પ્રાથમિક પ્રશ્નો ગુંજી ઊઠ્યા હતા. બોર્ડ બેઠક દરમિયાન ખાસ કરીને ગેટ વાળી બંધ સોસાયટીઓ, ડ્રેનેજ હાઉસ કનેક્શન, ઝોનવાઇઝ અલગ-અલગ નીતિ અને પ્રી-મોન્સૂન કામગીરીની પોલ છતી થઈ હતી.

### મ્યુનિસિપલ કમિશ્નરે વાસ્તવિક પરિસ્થિતિનો કર્યો સ્વીકાર

- સુવિધા એ પ્રથમ અગ્રતા: નાગરિકોને આવશ્યક અને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવી એ કોર્પોરેશનની પ્રાથમિકતા છે.

- ગેટેડ સોસાયટીઓનો ઉકેલ: બંધ સોસાયટીઓમાં શરૂઆતમાં બિલ્ડરે જવાબદારી લીધી હોય છે, પરંતુ હવે કાયદાકીય અને વ્યવહારુ રસ્તે ત્યાં મનપા દ્વારા કેવી રીતે સુવિધા આપી શકાય તે દિશામાં કામ કરવામાં આવશે.

- એકસમાન નીતિની જાહેરાત: ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ-ત્રણેય ઝોનમાં ડ્રેનેજ કનેક્શન મામલે એકસમાન નીતિ લાગુ કરવા તાત્કાલિક સૂચના આપવામાં આવશે.

# આજી રિવરફ્રન્ટના નામે માત્ર ગટરની લાઈનો! : રામનાથ મંદિર પ્રોજેક્ટ ભુલાયો

## સામાન્ય સભામાં કોંગ્રેસના આકરા પ્રહારો બાદ મેયરે ત્વરિત રિપોર્ટ માંગ્યો : પવિત્ર શ્રાવણ માસમાં પણ નદીમાં ગંદકીનું સામ્રાજ્ય રહેશે

રાજકોટ, તા. ૨૦

રાજકોટ શહેરની મધ્યમાંથી પસાર થતી આજી નદીને અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટની તર્જ પર વિકસાવવાની મોટી મોટી જાહેરાતો શાસકો દ્વારા કરવામાં આવી હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે આજી રિવરફ્રન્ટના નામે માત્ર ગટરની લાઈનો નાખવા સિવાય કોઈ નક્કર કામ થયું નથી. કરોડો રૂપિયાના બજેટ અને મોટા દાવાઓ વચ્ચે આજી નદી આજે પણ દૂષિત પાણી અને ગંદકીનું કેન્દ્ર બનીને રહી ગઈ છે. રિવરફ્રન્ટનો મૂળ હેતુ અને તેનું બ્યુટિફિકેશન કાગળ પર જ રહી ગયું હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. આજી રિવરફ્રન્ટ અને રામનાથ મંદિરના નામે માત્ર વાયદાઓ કરવામાં આવ્યા છે. કંપની દ્વારા કરોડોના ખર્ચે બનાવવામાં આવેલા રિપોર્ટ ફાઈલોમાં બંધ પડ્યા છે. તંત્રના અધિકારીઓ ક્યારેય સ્થળ પર જઈને કામગીરીનું નિરીક્ષણ કરતા નથી. આગામી શ્રાવણ મહિનામાં પણ આજી નદીમાં ગંદકી વહેતી જ રહેશે અને પ્રજાએ આ દુર્ગંધ સહન કરવી પડશે. કોંગ્રેસ દ્વારા બોર્ડમાં કરવામાં આવેલા આકરા આક્ષેપો અને વિરોધ પ્રદર્શન બાદ શાસક પક્ષ બેકફૂટ પર આવી ગયો હતો. આ મુદ્દાની ગંભીરતા જોઈને મેયરે ત્વરિત કાર્યવાહી કરતા સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી આજી રિવરફ્રન્ટ અને રામનાથ મંદિર પ્રોજેક્ટનો વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. આજી નદીમાં ભળતા ગંદા પાણી અને ગટરના જોડાણો તાત્કાલિક બંધ કરવામાં આવે. રામનાથ મંદિર પ્રોજેક્ટનું કામ ફાઈલોમાંથી બહાર કાઢીને વહેલી તકે ધારાધોરણ મુજબ શરૂ કરવામાં આવે. શ્રાવણ માસ પહેલાં મંદિર પરિસર અને આસપાસના વિસ્તારની યોગ્ય સફાઈ કરવામાં આવે.રાજકોટના રામનાથ પરા વિસ્તારમાં આવેલું રામનાથ મહાદેવ મંદિર સેંકડો વર્ષ જૂનું અને રાજકોટવાસીઓની આસ્થાનું મોટું કેન્દ્ર છે. આજી નદીના કાંઠે હોવાથી આ મંદિરને 'કાશીના ઘાટ' જેવો ભવ્ય દેખાવ આપવા માટે ખાસ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો હતો.

### ઐતિહાસિક રામનાથ મંદિર પ્રોજેક્ટ ફાઈલોમાં કેદ

રાજકોટવાસીઓની શ્રદ્ધાનું કેન્દ્ર અને આજી નદીના કાંઠે આવેલું પવિત્ર રામનાથ મહાદેવ મંદિર પણ તંત્રની ઉપેક્ષાનો ભોગ બન્યું છે.

- કંપનીનો રિપોર્ટ ફાઈલોમાં કેદ:

મંદિર અને તેની આસપાસના વિસ્તારના વિકાસ માટે તૈયાર કરવામાં આવેલો કન્સલ્ટન્ટ કંપનીનો રિપોર્ટ અને પ્લાનિંગ લાંબા સમયથી ફાઈલોમાં ધૂળ ખાઈ રહ્યો છે.

- અધિકારીઓની ઉદાસીનતા:

મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ સ્થળ તપાસ કરવાની પણ તસ્દી લેતા નથી.

- શ્રાવણ માસમાં શ્રદ્ધાળુઓ મુશ્કેલીમાં:

પવિત્ર શ્રાવણ મહિનો નજીક આવી રહ્યો છે ત્યારે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે. પરંતુ નદીમાં વહેતી ગંદકી અને દુર્ગંધ વચ્ચે જ શ્રદ્ધાળુઓએ દર્શન કરવા પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

# મનપાના ૬૨ પૈકી ૩૭ પ્લોટ પાર્કિંગ માટે અપાયા

## બેદરકારી બદલ બે એજન્સી બ્લેકલિસ્ટ : ફરિયાદ આવે તો જ કામ કરવાનું? પાર્કિંગના રેઢા પ્લોટ મામલે નગરસેવકો વિફર્યા

### માત્ર ફરિયાદો મળ્યા બાદ જ તંત્ર જાગે છે ?

નગરસેવકોએ મનપા અધિકારીઓની નીતિ સામે રોષ ઠાલવતા આકરું વલણ અપનાવ્યું હતું. તેઓએ સરખામણી કરતા કહ્યું કે, શું પોલીસ માત્ર ફરિયાદ મળે ત્યારે જ દારૂ પકડે છે? પોલીસ જેમ પોતાની રીતે પેટ્રોલીંગ અને રાઉન્ડ ભરીને ગુના ખોળી કાઢે છે, તો પાર્કિંગ પ્લોટ્સની ચકાસણી માટે મનપા તંત્ર પાસે પોતાનું કોઈ મોનિટરિંગ કેમ નથી? માત્ર ફરિયાદો મળ્યા બાદ જ તંત્ર જાગે છે અને હવે તપાસ કરવાની જાહેરાતો કરી રહ્યું છે, જે અધિકારીઓની નિષ્ક્રિયતા દર્શાવે છે.

રાજકોટ, તા. ૨૦

મહાનગરપાલિકા વિસ્તારમાં પાર્કિંગની સમક્ષ જટિલ સમસ્યાઓ વચ્ચે તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. શહેરમાં ફાળવવામાં આવેલા કુલ ૬૨ પ્લોટમાંથી માત્ર ૩૭ પ્લોટ જ હાલ પાર્કિંગ માટે કાર્યરત કરાયા છે. જોકે, આમાંથી મોટાભાગના પ્લોટ્સની યોગ્ય જાળવણી ન થતાં અને નિયમોનું ઉલ્લંઘન થતાં બેદરકાર એજન્સીઓ સામે કડક પગલાં ભરીને બે એજન્સીઓને બ્લેકલિસ્ટ કરી દેવામાં આવી છે.

સામાન્ય સભા અને સંકલન બેઠક દરમિયાન નગરસેવકોએ તંત્રની કામગીરી સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો. નગરસેવકોએ આક્રોશ વ્યક્ત કરતા સવાલ કર્યો હતો કે, શું ફરિયાદ આવે તો જ કામ કરવાનું? તંત્ર દ્વારા પાર્કિંગના પ્લોટને રેઢા



મૂકી દેવાયા છે. ચેકિંગ માટે યોગ્ય વ્યવસ્થા ન હોવાથી પે એન્ડ પાર્કની જગ્યાઓ અસામાજિક પ્રવૃત્તિઓનું અડ્ડો બની રહી હોવાના ગંભીર આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. નગરસેવકોના ભારે વિરોધ અને હંગામા બાદ આખરે તંત્ર હરકતમાં આવ્યું છે. મનપા શાસકો અને અધિકારીઓ દ્વારા હવે શહેરમાં આવેલા તમામ ૩૭ કાર્યરત પે એન્ડ પાર્ક પ્લોટ્સ પર આકસ્મિક ચકાસણી કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત બાકીના પ્લોટ વહેલી તકે શરૂ કરવા અને ગેરરીતિ આચરનાર અન્ય એજન્સીઓના કોન્ટ્રાક્ટ પણ રદ કરવાની ચેતવણી આપવામાં આવી છે.ભાજપના સદસ્યોએ ધ્યાન દોરતા કહ્યું હતું કે અનેક જગ્યાએ પાર્કિંગના પ્લોટમાં ગેરપ્રવૃત્તિ પણ થતી હોવાની ફરિયાદ આવે છે. આવા પ્લોટનો દુરૂપયોગ રોકવા વિભાગમાં કોઇ ખાસ સ્ટાફ કે ચેકીંગની વ્યવસ્થા જ નથી. આવી માહિતી આપવા ફોન કરવામાં આવે તો અધિકારીઓના ફોન બંધ પણ મળે છે. રાજકોટમાં મનપાનો કોઇ આદર્શ નમુનેદાર હોકર્સ ઝોન પણ દેખાતો નથી. પાર્કિંગ હેતુના કુલ ૬૨ પ્લોટ કોર્પો. પાસે છે પરંતુ તેની જાળવણીમાં વિભાગને કોઇ રસ નથી. આ બાદ સીટી ઇજનેર પરેશ અઢીયાએ જવાબ આપતા કહ્યું હતું કે, ૬૨ પ્લોટ પૈકી ૩૭ પ્લોટમાં પે એન્ડ પાર્કના કોન્ટ્રાકટ આપવામાં આવ્યા છે. તાજેતરમાં હપ્તા નહીં ભરવા બદલ બે પાર્ટીને બ્લેક લીસ્ટ પણ કરવામાં આવી છે. કોઇપણ જગ્યાએ આ હેતુના પ્લોટના દુરૂપયોગ થતા હોય તો હવે ચેકીંગ કાર્યવાહી કરાવવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

### પે એન્ડ પાર્કમાં ગેરપ્રવૃત્તિ અને સુવિધાનો અભાવ

- અસામાજિક પ્રવૃત્તિઓ:

પે એન્ડ પાર્કની અનેક જગ્યાઓ પર કોઈ પણ પ્રકારનું ચેકિંગ કે મોનિટરિંગ ન હોવાથી ગેરપ્રવૃત્તિઓ ફૂલીફાલી છે.

- ચેકિંગ સિસ્ટમનો અભાવ:

પ્લોટ ફાળવ્યા બાદ એજન્સીઓ નિયમ મુજબ કામ કરે છે કે નહીં તે જોવા માટે અધિકારીઓ પાસે કોઈ ચોક્કસ ક્રોસ-ચેકિંગ વ્યવસ્થા જ નથી.

- બે એજન્સી બ્લેકલિસ્ટ:

વારંવારની નિષ્કાળજી અને કરારના ભંગ બદલ મનપાએ બે એજન્સીઓને કાળી યાદીમાં મૂકીને સજા ફટકારી છે.